RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 285* Date: 11.08.2020 * Tuesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### દેશમાં કોરોનાનાં કુલ કેસોની સંખ્યા ૨૨.૧૫ લાખને પાર થઈ

# દેશમાં એક જ દિવસમાં કોરોનાથી ૧૦૦૦ લોકોના મોત

## કોરોના સંક્રમણે દેશમાં ૪૪ હજારથી વધુ દર્દીઓનો ભોગ લીધો, ૬.૩૪ લાખ એક્ટિવ કેસ

ન્યુ દિલ્હી,તા.૧૦

દેશમાં કોરોનાએ કાળો કહેર મચાવ્યો છે. અને ભારતમાં સતત કોરોનાનો ગ્રાફ સતત વધી રહ્યો છે. તેવામાં છેલ્લા ૨૪૫ કલાકમાં કોરોનાથી મોતનાં આંકડામાં સૌથી વધારે ઉછાળો આવ્યો છે. દેશમાં પહેલીવાર એક દિવસમાં આ મહામારીને કારણે ૧૦૦૦થી વધુ લોકોની મોત થઈ છે. સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરેલાં આંકડાઓ પ્રમાણે રવિવારે ભારતમાં કોરોનાનાં ૬૨૦૬૪ નવા કેસો સામે આવ્યા છે અને ૧૦૦૭ લોકોનાં મોત નિપજ્યા છે. આ સાથે જ દેશમાં કોરોના વાયરસને કારણે મોતનો કુલ આંક ૪૪૩૮૬ પર પહોંચી છે.



દેશમાં કોરોના વાયરસની રફતાર થમી રહી નથી. દેશમાં કોરોનાનાં કુલ કેસોની સંખ્યા ૨૨.૧૫ લાખથી વધારે થઈ ગઈ છે. હાલ ૬.૩૪ લાખથી વધારે કોરોનાનાં એક્ટિવ કેસો છે, તો ૧૫.૩૫ લાખથી વધારે લોકો તેનાથી સ્વસ્થ થઈ ગયા છે. અત્યાર સુધી ૪૪૩૮૬ લોકોએ આ વાયરસને કારણે પોતાનો જીવ ગુમાવવાનો વારો આવ્યો છે.

દેશમાં કોરોનાનાં ૪,૭૭,૦૨૩ સેમ્પલ ટેસ્ટ કરવામાં આવ્યા છે. આ સાથે ભારતમાં કોરોના ટેસ્ટનો આંકડો ૨,૪૫,૮૩,૫૫૮ પર પહોંચી ગયો છે. આ પહેલાં શનિવારે કોરોના વાયરસનાં ટેસ્ટની ક્ષમતા વધારતાં એક દિવસમાં ૭ લાખથી વધારે ટેસ્ટ કરવામાં આવ્યા હતા. તો દુનિયામાં પણ કોરોનાના કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે.

અને દર્દીઓની સંખ્યા ૨ કરોડની નજીક પહોંચી ગઈ છે. ટૂંકમાં જ આ આંકડો ૨ કરોડને પાર થઈ જશે. દુનિયાના ૨૧૩ દેશોમાં કોરોનાથી ૭ લાખ ૩૦ હજારથી વધારે મોત થયા છે.

અમેરિકામાં કોરોના કેસોની સંખ્યા ૫૧.૫ લાખ લોકોને પાર થઈ ગઈ છે. તો બ્રાઝિલમાં કોરોના દર્દીઓનાં આંકડા ૩૦ લાખને પાર પહોંચી ગયા છે. યુરોપમાં એક વખત ફરીથી કોરોના સંક્રમિતોની સંખ્યામાં વધારો જોવા મળી રહ્યો છે. ગત ૨૪ કલાકોમાં અહીં લગભગ ૨૩ હજાર નવા મામલા સામે આવ્યા છે. તો ન્યુઝીલેન્ડને કોરોનામુક્ત થયે ૧૦૦ દિવસ થઈ ગયા છે.

### હવે આંદામાનના હજારો પરિવારોને મળશે ડિજિટલ ઈન્ડિયાનો લાભ-મોદી

## અંદમાનને મળી કનેક્ટિવિટીની ભેટ, વડાપ્રધાને કહ્યું – પર્યટક સ્થળ તરીકે મળશે ઓળખાણ





પોર્ટ બ્લેયર,તા.૧૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી ચેન્નઈ અને પોર્ટ બ્લેરને જોડતી સબમરીન ઓપ્ટિકલ ફાઈબર કેબલ રાષ્ટ્રને અર્પણ કરી હતી. આ કેબલ સબમરીન પોર્ટબ્લેયરને સ્વરાજ ટવીપ (હેવલોક), નાનો આંદામાન, કાર નિકોબાર, કામોર્ટા, ગ્રેટ નિકોબાર, લોંગ આઈલેન્ડ અને રેંજથી પણ જોડશે. આ દેશના અન્ય ભાગોની સાથે આંદામાન અને નિકોબાર ટાપુમાં ઝડપી અને વધુ વિશ્વસનીય મોબાઈલ અને લેન્ડલાઈન ટેલિકમ્યુનિકેશન સેવાઓ પ્રદાન મળી શકશે. વડાપ્રધાન મોદીએ ૩૦ ડિસેમ્બર, ૨૦૧૮ના રોજ પોર્ટ બ્લેયરમાં આ પ્રોજેક્ટ માટે શિલાન્યાસ કર્યો હતો.

વડાપ્રધાન મોદીએ પોતાના સંબોધનમાં કહ્યું કે, દોઢ વર્ષ પહેલા યોજનાના શુભારંભ કરવાની તક મળી હતી. ભારતની આઝાદીનું તપોસ્થળ, સંકલ્પ સ્થળ આંદામાન નિકોબારની ભૂમિ અને ત્યાંના રહેવાસીને મારા નમસ્કાર. મોદીએ વધુમાં કહ્યું કે, આજનો દિવસે આંદામાન નિકોબારના લાખો લોકો સાથે આખા દેશ માટે મહત્વનો દિવસ છે. નેતાજી સુભાષચંદ્ર બોઝને નમન કરતા લગભગ દોઢ વર્ષ પહેલા સબમરીન ઓપ્ટિકલ ફાઈબર કેબલ યોજનાના શુભારંભની તક મળી હતી. ખુશી છે કે આજે તેના લોકાપર્ણની પણ તક મળી છે.

હવે ઉદ્ઘાટન થયા બાદ સબમરીન કેબલ લિંક ચેન્નઈ અને પોર્ટ બ્લેયરની વચ્ચે ૨૮૨૦૦ ગીગાબીટસ પ્રતિ સેકન્ડ બેન્ડવિડ્થ તથા પોર્ટ બ્લેયર અને અન્ય ટાપુઓ વચ્ચે ૨ ૮ ૧૦૦ જીબીપીએસની બેન્ડવિડ્થ પહોંચાડશે. આ ઉન્નત દૂરસંચાર અને બ્રોડબેન્ડ દૂરસંચારથી ટાપુઓમાં પર્યટન અને રોજગાર ઉત્પન્નને વેગ મળશે, અર્થવ્યવસ્થાને ગતિ મળશે અને જીવન સ્તરમાં વૃદ્ધિ થશે.

ભારત સરકાર દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવતા આ પ્રોજેક્ટને ભારત સંચાર નિગમ લિમિટેડ દ્વારા પૂર્ણ કરવામાં આવ્યો છે. જ્યારે ટેલિકોમ કન્સલ્ટન્ટ્સ ઈન્ડિયા લિમિટેડ તકનીકી સલાહકાર છે. આશરે ૧૨૨૪ કરોડના ખર્ચે ૨૩૦૦ કિલોમીટર સબમરીન કેબલ નાખવામાં આવી છે અને આ પ્રોજેક્ટ સમયસર પૂર્ણ થઈ ગયો છે.

### રક્ષામંત્રી રાજનાથસિંહ સ્વર દ્વારા આપેલા સંકેતોથી ઉઠી અટકળો

## ૧૫ ઓગસ્ટના ભાષણમાં આત્મનિર્ભર ભારત મામલે મોટી ઘોષણા કરી શકે છે વડાપ્રધાન મોદી

ન્યુ દિલ્હી,તા.૧૦

રક્ષા મંત્રાલય તરફથી આત્મનિર્ભર ભારત તરફથી મોટું પગલું ભરવામાં આવ્યું છે. હવે લગભગ ૧૦૧ ઘાતક હથિયારો અને જરૂરતોના સામાનને ભારતમાં જ બનાવવામાં આવશે. અને આવનારા સમયમાં તેના ઈમ્પોર્ટને બિલ્કુલ બંધ કરી દેવામાં આવશે. રક્ષામંત્રી રાજનાથસિંહનું માનીએ તો ૧૫ ઓગસ્ટે જયારે પીએમ નરેન્દ્ર મોદી લાલ કિલ્લા પર ભાષણ આપશે, ત્યારે ભારત માટે નવા અવસરોની ઘોષણા કરશે. એક કાર્યક્રમમાં રાજનાથ સિંહે કહ્યું કે, રક્ષા ક્ષેત્રમાં ૧૦૧ સામાનોને ઘરમાં જ બનાવવાના નિર્ણય ખુબ જ મોટા વિઝનવાળો નિર્ણય છે. અને તેને જ આગળ વધારતાં ૧૫ ઓગસ્ટે પીએમ મોદી આત્મનિર્ભર ભારતની તરફ નવી લકીર ખેંચશે. રક્ષામંત્રીએ કહ્યું કે, કોરોના સંકટને કારણે સાફ થઈ ગયું છે કે,

દેશને આત્મનિર્ભર બનાવવાની જરૂર છે અને બહારની વસ્તુઓ પર નિર્ભર રહી શકતા નથી. ભારતની સરકાર દેશની સંપ્રભુતાને કોઈ પણ રીતે હાનિ નહીં પહોંચવા દે. રાજનાથ સિંહે કહ્યું કે, ડિફેન્સ સેક્ટરમાં મેક ઈન ઈન્ડિયાને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે, નાના સામાનોની સાથે હવે મોટા હથિયારો પણ દેશમાં જ બનશે. ટૂંકમાં જ ભારત આ હથિયારોને એક્સપોર્ટ પણ કરશે. રવિવારે ૧૦૧ હથિયારોને ઈમ્પોર્ટ પર તબક્કાવાર રોક લગાવવામાં આવશે. આ હથિયારોને ઈમ્પોર્ટને ૨૦૨૦-૨૦૨૪ સુધી રોક લગાવી દેશે.

આ દરમિયાન દેશમાં બનાવવા માટેની વ્યવસ્થા કરવામાં આવશે. પીએમ મોદીએ ૨૦ લાખ કરોડના આત્મનિર્ભર ભારત પેકેજનું એલાન કરી શકે છે. જે હેઠળ એમએસએમઈ સેક્ટર, નાના કારોબારીઓને રાહત આપવી અને લોન આપવામાં આવી છે. આ એલાન બાદથી જ અલગ-અલગ મંત્રાલયોએ પોતાના સ્તરે સ્વદેશી સામાનને પ્રમોટ કરવા, વિદેશી સામાન પર રોક લગાવવાનું એલાન કર્યું છે.

## જનસંખ્યા નિયંત્રણ મામલે અશ્વિની ઉપાધ્યાયે ભાજપા અધ્યક્ષ જેપી નડ્ડાને લખ્યો પત્ર

ન્યુ દિલ્હી,તા.૧૦

ભાજપના નેતા અશ્વિની ઉપાધ્યાયે જનસંખ્યા નિયંત્રણ મામલે સુપ્રીમ કોર્ટમાં અરજી કરેલી છે જેની આગામી ૧૪ ઓગષ્ટના રોજ સુનાવણી થવાની છે. આ બધા વચ્ચે તેમણે જનસંખ્યા નિયંત્રણ કાયદાની માંગને લઈ ભાજપના અધ્યક્ષ જેપી નડ્ડાને પત્ર લખ્યો છે. પત્રમાં ઉપાધ્યાયે લખ્યું હતું કે, વર્તમાન સમયમાં જનસંખ્યા વિસ્ફોટ ભારતમાં બોમ્બ વિસ્ફોટ કરતા પણ વધારે ખતરનાક છે અને તેને રોકવો ખૂબ જ જરૂરી છે. સાથે જ તેમણે સમાન નાગરિક સંહિતા લાગુ કરવાની માંગ પણ કરી હતી. ઉપાધ્યાયે પત્રમાં લખ્યું હતું કે, 'આદરણીય જગત પ્રકાશ નડ્ડા જી, હું તમારૂં ધ્યાન દેશની ૫૦% સમસ્યાઓના મૂળ કારણ 'જનસંખ્યા વિસ્ફોટ' તરફ દોરવા માંગુ છું. માનનીય વડાપ્રધાનજી 'જનસંખ્યા વિસ્ફોટ' મામલે પહેલેથી જ પોતાની ચિંતા વ્યક્ત કરી ચુક્યા છે.

જનસંખ્યા નિયંત્રણ કાયદાની માંગવાળી મારી અરજી પર સુપ્રીમ કોર્ટે આ વર્ષે ૧૦ જાન્યુઆરીના રોજ ગૃહ મંત્રાલય અને કાયદા મંત્રાલયને નોટિસ પાઠવી હતી તથા ૧૪ ઓગષ્ટના રોજ આગામી સુનાવણી થશે. બીજેપી નેતા ઉપાધ્યાયે કહ્યું કે, એક સમાન નાગરિક સંહિતા' અને પ્રભાવી 'જનસંખ્યા નિયંત્રણ કાયદો' લાગુ કર્યા વગર સ્વચ્છ ભારત, સ્વસ્થ ભારત, સાક્ષર ભારત, સંપન્ન ભારત, સમૃદ્ધ ભારત, સબળ ભારત, સશક્ત ભારત, સુરક્ષિત ભારત, સમાવેશી ભારત, સ્વાવલંબી ભારત, સ્વાભિમાની ભારત, સંવેદનશીલ ભારત તથા ભ્રષ્ટાચાર અને અપરાધ મુક્ત ભારતનું નિર્માણ મુશેક્લ જ નહીં અશક્ય છે.

'રામરાજ્ય' પુનઃસ્થાપિત કરવું અને ભારતને વિશ્વગુરૂ બનાવવું અસંભવ છે. વધુમાં જણાવ્યું કે, ×જનસંખ્યા નિયંત્રણ કાયદો તાત્કાલિક પ્રભાવી થવો જોઈએ અને જે વ્યક્તિ તેનું ઉલ્લંઘન કરે તેનું રેશન કાર્ડ, વોટર કાર્ડ, આધાર કાર્ડ, બેંક ખાતું, વીજ કનેક્શન અને મોબાઈલ કનેક્શન બંધ થઈ જવું જોઈએ. કાયદો તોડનારાઓ પર સરકારી નોકરી કરવા, ચૂંટણી લડવા, રાજકીય પાર્ટી બનાવવા અને પાર્ટી પદાધિકારી બનવા પર આજીવન પ્રતિબંધ લાગવો જોઈએ.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**કોરોના નવા કેસની સંખ્યાઃ ૧૦૫૬**
**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૭૨૧૨૦**
**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**લોકોનાં મૃત્યુઃ ૨૦**
**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા : ૧૧૩૮**
**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૫૫૩૭૬**

## આગામી અઠવાડિયામાં કોરોના વેક્સિનનું રજિસ્ટ્રેશન કરાવી દેશે રશિયા

મોસ્કો,તા.૧૦

દુનિયાને કોરોના વાયરસની પહેલી વેક્સિન ૧૨ ઓગસ્ટના રોજ મળી જશે. રશિયાના સ્વાસ્થ્ય મંત્રાલયે કહ્યું છે કે, તે આગામી અઠવાડિયામાં કોરોના વેક્સિનનું રજિસ્ટ્રેશન કરાવી દેશે. આ દુનિયાની પહેલી એવી વેક્સિન હશે કે જેને રેગ્યુલેટરી એપ્રુવલ મળશે. આ વેક્સિન રશિયાના તમામ લોકોને આપવામાં આવશે જેથી તેઓ કોરોના વાયરસ સામે ઈમ્યુનિટી હાંસલ કરી શકે. આ વેક્સિનથી કોઈ પણ પ્રકારના નુકસાનના સંકેત મળ્યા નથી. અને સપ્ટેમ્બરથી મોટાપાયે આ વેક્સિનનું ઉત્પાદન કરવામાં આવશે. તેમજ ઓક્ટોબરથી સમગ્ર રશિયામાં વેક્સિન આપવાની શરૂઆત કરી દેવામાં આવશે. મોસ્કોના ગામલેયા રિસર્ચ ઈન્સ્ટિટ્યુટની બનાવેલી આ વેક્સિનને એડેનોવાયરસના આધાર પર બનાવેલાં પાર્ટિકલનો ઉપયોગ કરીને બનાવવામાં આવી છે. ત્યાંના પ્રમુખ એલેક્ઝાન્ડર ગિંટ્ઝબર્ગે કહ્યું કે,

જે પાર્ટિકલ્સ અને ઓબ્જેક્ટ્સ પોતાની કોપી બનાવી શકે છે, તેને જીવિત માનવામાં આવશે. તેમના પ્રમાણે વેક્સિનમાં જે પાર્ટિકલનો ઉપયોગ થયો છે, તે પોતાની કોપી બનાવી શકતા નથી. એલેક્ઝાન્ડરના કહેવા પ્રમાણે, થોડા લોકોને વેક્સિનનો ડોઝ આપવા પર તાવ આવી શકે છે. તેના માટે પેરાસિટામોલનો ઉપયોગ કરી શકાય છે. તેઓએ કહ્યું કે, ટીકા લગાવ્યા બાદ જ્યારે ઈમ્યુન સિસ્ટમને પાવરફૂલ બૂસ્ટ મળે છે તેનાથી અમુક લોકોને પ્રાકૃતિક રીતે અમુક રીતે તાવ આવી જાય છે, પણ આ સાઈડ ઈફેક્ટને પેરાસિટામોલથી દૂર કરી શકાય છે.

રિપોર્ટનું માનીએ તો, ખુદ એલેક્ઝાન્ડ ઉપરાંત રિસર્ચ અને મેન્યુફેક્ચરિંગમાં સામેલ અન્ય લોકોએ પણ સૌથી પહેલા ટીકા લગાવી દીધા છે. રશિયાના સ્વાસ્થ્ય મંત્રી મિખાઈલ મુરાશકોએ કહ્યું હતું કે, આ મહિનાથી હેલ્થ વર્કર્સને પણ આ વેક્સિન આપવામાં આવી શકે છે. રશિયાએ દુનિયાની સૌથી પહેલી વેક્સિન તૈયાર કરવાનો દાવો તો કર્યો છે, પણ અનેક એક્સપર્ટ તેના પર સવાલ ઉઠાવી રહ્યા છે. ખુદ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન પણ કહી ચૂક્યું છે કે, રુસી વેક્સિનથી જોડાયેલી કોઈ સત્તાવાર માહિતી કે ડેટા તે લોકોને સોંપવામાં આવ્યો નથી.

## અર્થવ્યવસ્થાને વેગ આપવા મનમોહન સિંહે મોદી સરકારને આપ્યા ૩ સૂચનો

ન્યુ દિલ્હી,તા.૧૦

કોરોના વાયરસ મહામારીએ દેશની અર્થવ્યવસ્થાને સંપૂર્ણ રીતે પ્રભાવિત કરી છે. મહામારી શરૂ થયા પહેલાંથી જ દેશને અનેક સેક્ટર જેમકે ઓટો, ટેલીકોમ અને એનબીએફસીએફમાં મુશ્કેલી પડી રહી હતી. હવે કોરોનાના કારણે આ સમસ્યામાં વધારો થઈ રહ્યો છે.સામાન્ય જનતાને રોજગાર અને આર્થિક ક્ષમતાને પ્રભાવિત કરવાનું મુશ્કેલ બન્યું છે. સરકારે અર્થવ્યવસ્થાને ટેકો આપવા માટે બજારમાં રૂપિયા રોક્યા છે અને અનેક ઉદ્યોગોને આર્થિક સહાયતા પણ મળી છે. પરંતુ પૂર્વ પ્રધાનમંત્રી ડોક્ટર મનમોહન સિંહનું કહેવું છે કે સરકારને આવનારા કેટલાક વર્ષો સુધી અર્થવ્યવસ્થાને સંભાળવા માટે મોટા અને ખાસ પગલાં લેવા પડશે.

૧. સરકારે સૌ પહેલું કામ એ કરવું જોઈએ કે તેઓ નક્કી કરે કે લોકોની આજીવિકા સુરક્ષિત રહે અને તેમને પ્રત્યક્ષ રીતે આર્થિક મદદ આપીને તેમના ખર્ચને પહોંચી વળવાની ક્ષમતા ધરાવે.

૨. અન્ય સૂચનમાં તેઓએ કહ્યું કે સરકારે સરકારી ક્રેડિટ ગેરેંટીના કાર્યક્રમોની મદદથી વેપાર અને ઉદ્યોગને પૂરતી રકમ આપવી જોઈએ.

૩. નાણાંકીય સેક્ટરમાં સંસ્થાગત સ્વાયત્તતા અને પ્રક્રિયાઓની મદદથી સુધારો લાવવાનો રહેશે. મનમોહન સિંહે કહ્યું કે તેઓ આને ઈકોનોમિક ડિપ્રેશન નહીં ગણાવે. પરંતુ દેશમાં એક લાંબા સમયથી એક આર્થિક સંકટ આવવાનું પહેલાંથી જ નક્કી હતું. ભારતીય રિઝર્વ બેંકે પણ કહ્યું છે કે કોરોનાના કારણે ઘરેલૂ અર્થવ્યવસ્થાની હાલત વધારે ખરાબ થઈ શકે છે. ગયા ગુરુવારે મોનેટરી પોલીસીની પણ જાહેરાત થઈ અને ગર્વનર શક્તિકાંત દાસે શંકા જણાવી હતી કે કોરોના મહામારીના સંક્રમણને લાંબા સમય સુધી ખેંચવાથી ઘરેલૂ અર્થવ્યવસ્થાની સ્થિતિ વધારે ખરાબ થઈ શકે છે.

તેઓએ કહ્યું કે મહામારી પર પહેલાંથી કાબૂ મેળવી લેવાયો હોત તો તેની અર્થવ્યવસ્થા પર અનુકૂળ અસર પડતી. તેને વધારે ખેંચવાથી, ચોમાસું સામાન્ય રહેવાના અનુમાનને ધ્યાનમાં રાખીએ તો વૈશ્વિક નાણાંકીય બજારમાં મોટા અને ખરાબ પ્રભાવના સંકેત મળી રહ્યા છે.

## તંત્રી સ્થાનેથી...

# પ્રકૃતિ તરફથી મળતી ચેતવણી

છેલ્લા થોડા દિવસથી માયાનગરી મુંબઈને વરસાદ ઘમરોળી રહ્યો છે. મુંબઈના અનેક વિસ્તારો જળબંબાકાર છે. ભારે વરસાદની સાથે ફૂંકાયેલા વાવાઝોડાએ લોકોને બેહાલ કરી દીધાં છે. હજુ તો આગામી દિવસોમાં ગુજરાત, મહારાષ્ટ્રસહિત પશ્ચિમ તટે ભારે વરસાદની આગાહી છે. હકીકતમાં જળપ્રલયનું વધી રહેલું પ્રમાણ આપણા માટે એક ચેતવણીસમાન છે. છેલ્લા થોડા સમયથી પર્યાવરણના સમીકરણો બદલાઈ રહ્યાં છે. ક્યાંક અચાનક જ ભારે વરસાદ વરસી જાય છે તો અનેક વિસ્તારો કોરાધાકોર રહી જાય છે. પર્યાવરણના આ બદલાઈ રહેલા મિજાજને પહોંચી વળવા આપણી પાસે પર્યાપ્ત સાધનો નથી. આફત આવી પડે ત્યારે જ જાગવાની આપણી નીતિ વધારે વિનાશ નોતરે છે. અચાનક આવી પડતી કુદરતી આફતોને પહોંચી વળવા માટે આપણું તંત્ર અગાઉથી તૈયાર જ હોતું નથી.છેલ્લા થોડા વર્ષોથી દેશમાં જે રીતે પુરપ્રકોપ વધી રહ્યો છે એ જોતાં છે હવે પર્યાવરણને લઈને માત્ર ચર્ચાઓ સુધી જ સીમિત રહ્યાં વગર ખરા અર્થમાં પર્યાવરણનું સંતુલન બનાવવાના ઉપાયો પ્રયોજવા પડશે. જે દેશના મહાનગરોમાં મામૂલી વરસાદના પરિણામે પાણી ભરાઈ જવાની સ્થિતિ બની જતી હોય, દુષ્કાળ અને પૂર વારાફરતી પોતાનો રંગ દેખાડતા હોય ત્યાં પૂર્વતૈયારી કરવી મહત્ત્વનો સવાલ છે.દેશના અનેક રાજ્યોમાં ચોમાસાની ઋતુમાં પૂરની પરિસ્થિતિ પેદાં થવી સામાન્ય છે તેમ છતાં આપણે એના ઉપાયો યોજી શક્યાં નથી. જાણે કે દુષ્કાળ અને પૂરની પરિસ્થિતિ આવે ત્યારે કાગારોળ મચાવ્યા સિવાય આપણી પાસે કોઈ ઉપાય જ બચ્યો નથી.

દેશની મોટી વસતી આવી કુદરતી હોનારતોનો ભોગ બને ત્યારે તંત્ર સાવ લાચાર જણાય છે. દુષ્કાળ અને પૂરના મામલે રાજકારણ તો બહુ થાય છે પરંતુ પર્યાવરણમાં થઈ રહેલા ફેરફારો સામે સજ્જ થવાનું કોઈને સૂઝતું નથી.શહેરી વિસ્તારોમાં થોડા વરસાદમાં પણ પાણી ભરાવાની જે સમસ્યા સર્જાય છે એ માટે પણ માનવીય પ્રવૃત્તિઓ જ જવાબદાર છે. છેલ્લા થોડા વર્ષોથી શહેરી વિસ્તારોમાં જે આડેધડ વિકાસ થયો છે તેમાં વરસાદી પાણીના નિકાલ માટે યોગ્ય વ્યવસ્થા ઊભી કરવા પાછળ ધ્યાન જ આપવામાં આવ્યું નથી. ગટરોની પર્યાપ્ત સફાઈ ન થવાના કારણે પાણી નિકાલની ક્ષમતા ઘટી રહી છે. એ જ કારણ છે કે નજીવા વરસાદમાં પણ અમદાવાદ, વડોદરા, મુંબઈ, લખનૌ, પટના, ભોપાલ, બેંગાલુરુ જેવા મુખ્ય શહેરો સહિત દેશના ઘણાં ખરાં શહેરી વિસ્તારોમાં પાણી ભરાઈ જાય છે.

નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટના અનુસાર દેશના આશરે ૩૨.૯ કરોડ હેકટર ભૌગોલિક ક્ષેત્રમાંથી ચાર કરોડ હેકટર જેટલા ક્ષેત્ર પૂર અને પાણી ભરાઈ રહેવાની પરિસ્થિતિમાં રહે છે. દેશમાં હાલ ૨૨૬ જેટલા પૂર નિયંત્રણ કેન્દ્રો છે જેમને ૨૦૨૫ સુધીમાં ૩૨૫ જેટલી સંખ્યાએ પહોંચાડવાની સરકારની નેમ છે. પરંતુ પૂરની પરિસ્થિતિ અને જૂના રેકોર્ડોને જોતા પૂર નિયંત્રણ અને સમગ્ર દેખરેખ તંત્રને બદલવાની જરૂર છે. ઉલ્લેખનીય છે કે ૧૯૫૦માં દેશની લગભગ અઢી કરોડ હેકટર જમીન પૂરની અસર હેઠળ આવતી હતી જ્યારે આજે લગભગ સાત કરોડ હેકટર જમીન એવી છે જ્યાં પૂર આવે છે. પૂરના પાણીની નિકાલ માટે યોગ્ય વ્યવસ્થા નિર્માણ પામી નથી.

આપણા દેશમાં માત્ર ચાર મહિના દરમિયાન જ લગભગ ૮૦ ટકા પાણી વરસી જાય છે. પરંતુ વરસાદનું વિતરણ એટલું અસમાન છે કે કેટલાક વિસ્તારોમાં કાયમ પૂર તો કેટલાક વિસ્તારોમાં કાયમ અછતની પરિસ્થિતિ જ રહે છે. આ પ્રકારની ભૌગોલિક અસમાનતા વિશે સત્વરે વિચારવાનો સમય આવી ગયો છે. પાણી સમગ્ર વિશ્વ સાથે આપણા દેશનો પ્રાણ પ્રશ્ન છે. ૨૦૫૦ સુધીમાં દેશની વસતી લગભગ ૧૮૦ કરોડ જેટલી થઈ જશે. એ સ્થિતિમાં પાણીના એકસમાન વિતરણ માટે યોગ્ય વ્યવસ્થા ઊભી કરવાની તાતી જરૂરિયાત છે. એ સાથે જ પૂરના પાણીનો યોગ્ય ઉપયોગ શી રીતે થઈ શકે એ વિશે પણ વિચારવાની જરૂર છે.આજે દુર્ભાગ્યપૂર્ણ પરિસ્થિતિ એ છે કે દેશના કેટલાય વિસ્તારો એવાં છે જ્યાં દુષ્કાળ જેવી પરિસ્થિતિ છે તો અનેક વિસ્તારોમાં સતત ભારે વરસાદ વરસ્યા જ કરે છે. વિકાસની વિવિધ પરિયોજનાઓ અંતર્ગત જે રીતે જંગલોનો સફાયો કરવામાં આવ્યો અને વૃક્ષો કાપવામાં આવ્યાં એના કારણે પરિસ્થિતિ ભયાવહ બની ગઈ છે. કુદરતના આ અસંતુલનના કારણે ચોમાસાને તો અસર પહોંચી, સાથે સાથે જમીનના ધોવાણ અને નદીઓ દ્વારા ભૂક્ષરણની પ્રવૃત્તિ પણ વધી. પૂર અને દુષ્કાળ પ્રાચીન સમયથી માનવજીવન માટે સમસ્યા સર્જતા આવ્યાં છે. એક રીતે જોતાં પૂર કે દુષ્કાળ માત્ર કુદરતી આફત જ નથી, પરંતુ પ્રકૃતિ તરફથી આપણને મળતી ચેતવણી પણ છે. સવાલ એ છે કે આજે માનવી ભણેલો ગણેલો તો બની ગયો છે પરંતુ તે કુદરતના સંકેતો સમજવા જેટલો હોંશિયાર રહ્યો છે ખરો? કઠણાઈ એ છે કે આજે આપણે વધારે શિક્ષિત તો બન્યાં છીએ પરંતુ પ્રકૃતિ સાથે તાલમેલ બેસાડીને જીવવાનું ભૂલી ગયાં છીએ.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૨૨૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા.૧૧-૮-૨૦૨૦, મંગળવાર, શ્રાવણ વદ-૮
સૂર્યોદય-૬-૨૧, સૂર્યાસ્ત-૭-૨૫, જૈન નવકારશી-૭-૦૯,
આજની રાશિ : કુંભ (ગ.સ.), નક્ષત્રઃ શ્રવણ

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

**- શુભ ચોઘડીયા -**

૯-૩૭થી ચલ-લાભ-અમૃત-૧૪-૩૧ સુધી, ૧૬-૦૯થી શુભ-૧૭-૪૬ સુધી, ૨૦-૪૬થી લાભ-૨૨-૦૯ સુધી, ૨૩-૩૧ થી શુભ-અમૃત-ચલ-૨૭-૩૭ સુધી

**- શુભ હોરા-**

૮-૩૨ થી ૧૧-૪૮ સુધી, ૧૨-૫૩ થી ૧૩-૫૮ સુધી, ૧૬-૦૯થી ૧૯-૨૪ સુધી, ૨૦-૧૯થી ૨૧-૧૪ સુધી

# મુખ્યમંત્રી કિસાન સહાય યોજના જાહેર કરતા મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજયના લાખો કિસાનોના વ્યાપક હિતમાં મુખ્યમંત્રી કિસાન યોજનાની જાહેરાત કરી છે.

નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ અને કૃષિ મંત્રી આર.સી. ફળદુ, રાજ્યમંત્રી શ્રી જયદ્રથસિંહ પરમાર તેમજ મુખ્ય સચિવ શ્રી અનિલ મુકીમની ઉપસ્થિતિમાં મુખ્યમંત્રીશ્રીએ ગાંધીનગરમાં આ યોજનાની જાહેરાત કરી હતી.

તેમણે કહ્યું કે ખેતીમાં ખાસ કરીને ખરીફ ઋતુમાં વરસાદની અનિયમિતતા ખેડૂતોને આર્થિક નુકશાન કરનાર પરિબળ છે.

આવા કુદરતી આપત્તિના પ્રસંગોએ ખેડૂતોને થતા પાક નુકસાન માટે પારદર્શક અને સરળ પદ્ધતિ જેમાં રાજ્યના બધાજ ખેડૂતોનો સમાવેશ થાય અને નુકસાન થયેલ કોઈ ખેડૂત રહી ન જાય તે ધ્યેય સાથે ખરીફ ઋતુમાં કુદરતી આપત્તિથી થયેલ પાક નુકશાન સામે ખેડૂતોને સરળતાથી લાભ આપવા અને તમામ પાક અને સમગ્ર રાજયના વિસ્તારોને આવરી લે તેવી આ યોજના અમલમાં મૂકવા રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે આ યોજનાનો લાભ રાજ્યના નાના મોટા સિમાંત બધાજ ખેડૂતોને આવરી લેવાયા છે.

રાજ્યના અંદાજે ૫૬ લાખથી વધુ કિસાનોને આ યોજનાનો લાભ મળશે. એટલું જ નહિ આ યોજના માટે ખેડૂતે કોઈ જ પ્રીમિયમ ભરવાનું રહેશે નહિ તેમ પણ તેમણે જણાવ્યું હતું.

આ યોજના સરળ અને પારદર્શી છે તેની ભૂમિકા આપતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે પાક વીમા યોજનામાં જે ખેડૂતોએ પ્રિમીયમ ભર્યુ હોય તેને જ લાભ મળતો હતો, હવે આ મુખ્યમંત્રી કિસાન સહાય યોજનામાં કોઈ પ્રિમીયમ ભર્યા વગર સહાય મળતી થશે.

તેમણે જણાવ્યું કે એસ.ડી.આર.એફ.ના લાભો યથાવત રાખીને આ મુખ્યમંત્રી કિસાન સહાય યોજનાના લાભ અપાશે.

મુખ્યમંત્રીશ્રીએ આ યોજનાની વિસ્તૃત વિગતો પ્રચાર માધ્યમો સમક્ષ આપતા જણાવ્યું કે આ યોજના હેઠળના ત્રણ પ્રકારના જોખમોમાં સહાય આપવાનો અભિગમ છે.

તદઅનુસાર (૧) અનાવૃષ્ટિ (દુષ્કાળ) (૨) અતિવૃષ્ટિ અને (૩) કમોસમી વરસાદ (માવઠું)

જોખમોથી થયેલ પાક નુકશાનને સહાય માટે પાત્ર ગણવામાં આવશે.

આ ત્રણેય જોખમો સામે સહાયના ધોરણો અને અન્ય વિગતો તેમણે આપી.

(૧) અનાવૃષ્ટિ (દુષ્કાળ)ના કિસ્સામાં:-

જે તાલુકામાં ચાલુ સિઝનનો ૧૦ ઈંચથી ઓછો વરસાદ પડેલ હોય અથવા રાજયમાં ચોમાસુ શરૂ થાય ત્યાંથી તા. ૩૧ ઓગસ્ટ સુધીના સમયગાળામાં બે વરસાદ વચ્ચે સતત ચાર અઠવાડિયા (૨૮ દિવસ) વરસાદ પડેલ ન હોય એટલે કે સતત શૂન્ય વરસાદ હોય અને ખેતીના વાવેતર થયેલ પાકને નુકશાન થયેલ હોય તેને અનાવૃષ્ટિ (દુષ્કાળ)નું જોખમ ગણવામાં આવશે.

૨. અતિવૃષ્ટિ હોય તેવી સ્થિતીમાં :-

તાલુકાને યુનિટ ગણી અતિવૃષ્ટિના પ્રસંગો જેવા કે વાદળ ફાટવું, સતત ભારે વરસાદ કે જેમાં દક્ષિણ ગુજરાત રિજિયનના જિલ્લાઓ (ભરુચ, નર્મદા, તાપી, સુરત, નવસારી, વલસાડ અને ડાંગ) માટે ૪૮ કલાકમાં ૩૫ ઈંચ કે તેથી વધુ અને તે સિવાયના રાજયના તમામ જિલ્લાઓમાં ૪૮ કલાકમાં ૨૫ ઈંચ કે તેથી વધુ વરસાદ મહેસુલી તાલુકાના રેઈન ગેજ મુજબ નોંધાયેલ હોય અને ખેતીના વાવેતર કરેલ ઊભા પાકમાં થયેલ નુકશાનને અતિવૃષ્ટિનું જોખમ ગણવામાં આવશે

(૩) કમોસમી વરસાદ (માવઠું)ની સ્થિતી સર્જાય ત્યારેઃ-

૧૫ ઓક્ટોબર થી ૧૫ નવેમ્બર સુધીમાં મહેસુલી તાલુકાના રેઈન ગેજમાં સળંગ ૪૮ કલાકમાં ૫૦ મી.મી. થી વધુ વરસાદ પડે અને ખેતીના પાકને ખેતરમાં નુકસાન થાય તો તે કમોસમી વરસાદ (માવઠું)નું જોખમ ગણવામાં આવશે.

યોજનાના ખેડૂત લાભાર્થીની પાત્રતા અંગે ની જાણકારી આપતા શ્રી વિજય ભાઈ રૂપાણીએ જણાવ્યું કે, સમગ્ર રાજ્યમાં રેવન્યુ રેકોર્ડમાં નોંધાયેલા તમામ ૮-અ ધારક ખેડૂત ખાતેદાર તથા ફોરેસ્ટ રાઈટ એક્ટ(Forest Right Act) હેઠળના સનદ ધારક ખેડૂત લાભાર્થી ગણાશે

ખરીફ ૨૦૨૦માં યોજના અમલમાં મુકાશે. આ યોજનાના લાભ માટે ખરીફ ઋતુમાં ખેડૂતોએ વાવેતર કરેલ હોવું જોઈશે.

મુખ્યમંત્રી કિસાન સહાય યોજનાના સહાયના ધોરણો અંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે

ખરીફ ઋતુમાં થયેલ પાક નુકશાન ૩૩ % થી ૬૦ % માટે રૂ. ૨૦૦૦૦/- પ્રતિ હેક્ટર માટે વધુમાં વધુ ૪ હેક્ટરની મર્યાદામાં મળવાપાત્ર થશે

ખરીફ ઋતુમાં થયેલ પાક નુકશાન ૬૦ % થી વધુ નુકશાન માટે રૂ. ૨૫૦૦૦/- પ્રતિ હેક્ટર માટે વધુમાં વધુ ૪ હેક્ટરની મર્યાદામાં મળવાપાત્ર થશે.

આ યોજનાની અન્ય અગત્યની જોગવાઈઓ વિશે મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ કે...આ યોજના ઉપરાંત જે ખેડૂત લાભાર્થીઓને એસ.ડી.આર.એફ યોજનાની જોગવાઈઓ મુજબ લાભ મળવાપાત્ર હશે તો તે પણ મળવાપાત્ર થશે.

ખેડૂતોની અરજી ઓનલાઈન મેળવવા માટે PORTAL તૈયાર કરાશે.

લાભાર્થી ખેડૂતોએ ઈ-ગ્રામ સેન્ટર ઉપર જઈ પોર્ટલ પર ઓનલાઈન અરજી કરવાની રહેશે. મંજુર થયેલ સહાય લાભાર્થીઓના બેંક એકાઉન્ટમાં સીધી DBT દ્વારા ચૂકવવામાં આવશે.

લાભાર્થી ખેડૂતોનાં પ્રશ્નોના ઉકેલ માટે ગ્રીવન્સ રિડ્રેસલ મિકેનિઝમની વ્યવસ્થા ખાસ ઉભી કરવામાં આવશે.

ખેડૂતોના માર્ગદર્શન માટે ટોલ ફ્રી નંબરની સેવા ઉપલબ્ધ કરાવવામાં આવશે. શ્રી વિજયભાઈ રૂપાણીએ આ યોજના અન્વયે પાક નુકસાન અંતર્ગત ગામો/તાલુકા/વિસ્તાર જાહેર કરવાની પ્રક્રિયાની જે માહિતી આપી તે મુજબ

અનાવૃષ્ટિ(દુષ્કાળ), અતિવૃષ્ટિ અને કમોસમી વરસાદ(માવઠું)ના કારણે પાકને નુકસાન થાય તેવા અસરગ્રસ્ત ગામો/તાલુકા/વિસ્તારની યાદી જિલ્લા કલેકટર દ્વારા તૈયાર કરવામાં આવશે.

ઘટના બન્યાના સાત દિવસની અંદર કલેક્ટર દ્વારા રાજ્ય સરકારની (મહેસુલ વિભાગની) મંજૂરી અર્થે મોકલી આપવામાં આવશે.

રાજ્ય સરકારની (મહેસુલ વિભાગ) દરખાસ્ત મળ્યાના ૭ દિવસમાં આ યોજનાના લાભ માટે અસરગ્રસ્ત વિસ્તાર/ગામ/તાલુકાની યાદી મંજૂરીના હુકમો કરશે.

મુખ્યમંત્રીશ્રીએ પાક નુકશાનનાં સર્વેની કામગીરી અંગે જણાવ્યું કે. રાજ્ય સરકાર દ્વારા અસરગ્રસ્ત ગામો/તાલુકા/વિસ્તારની યાદી મુજબ જિલ્લા વિકાસ અધિકારી દ્વારા સર્વે ટીમો બનાવી અસરગ્રસ્ત ગામો/તાલુકા/વિસ્તારના અસરગ્રસ્ત ખેતરોનો પંચનામા સહિતનો સર્વે ૧૫ દિવસમાં કરાવશે.

સર્વે પૂર્ણ થયા બાદ આ યોજના હેઠળ સહાય મેળવવા પાત્રતા ધરાવતા ખેડૂતોની યાદી જિલ્લા વિકાસ અધિકારીની સહી વાળા હુકમથી જાહેર કરશે

આ યાદી ૩૩% થી ૬૦% અને ૬૦%થી વધુ નુકસાન એમ બે પ્રકારના નુકશાનની યાદી જાહેર થશે એમ તેમણે ઉમેર્યું હતું.

આ વેળાએ કૃષિ વિભાગના સચિવ શ્રી મનિષ ભારદ્વાજ અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

સી.એમ-પીઆરઓ/અરૂણ

# ગુજરાતમાં ૩ વરસાદી સિસ્ટમ સક્રિય, આગામી ત્રણ દિવસ ભારે વરસાદની વકી

ગાંધીનગર,તા.૧૦

હાલમાં ગુજરાતમાં ચોમાસાની સિઝન ચાલી રહી છે અને મેઘો થોડા દિવસના વિરામ બાદ સમગ્ર ગુજરાતમાં મન મૂકીને વરસી રહ્યો છે. જોકે ગુજરાતાના કેટલાક શહેરોમાં વરસાદના કારણે રોડ-રસ્તા બેસી ગયા છે તો કોઝવે પણ ઓવરફ્લો થઈ ગયા છે. રાજયના ૮ જિલ્લામાં ૪૦ ઈંચ કરતાં વધુ વરસાદ વરસી ચૂક્યો છે. હવામાન ખાતાના આંકડા અનુસાર, રાજયમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૧૭૮ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં રાજયમાં સૌથી વધુ વરસાદ છોટાઉદેપુર જિલ્લાના છોટાઉદેપુર શહેરમાં ૬ ઈંચ વરસાદ વરસ્યો છે. આજે વહેલી સવારથી ૮૪ તાલુકામાં વરસાદ ખાબક્યો છે. હવે હવામાન વિભાગની આગાહી અનુસાર બંગાળની ખાડીમાં લો પ્રેસર સર્જાયું છે. અને રાજયની ઉપર ત્રણ વરસાદી સિસ્ટમ સક્રિય થઈ છે. લો પ્રેસરની મદદથી ગુજરાતને સારો વરસાદ મળશે તેવું હવામાન નિષ્ણાંતો જણાવી રહ્યા છે.

આગામી ૧૨ ઓગસ્ટ દક્ષિણ ગુજરાતમાં અને ૧૩ ઓગસ્ટ ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. દક્ષિણ ગુજરાતમાં સુરત, વલસાડ, નવસારી, દમણ દાદરાનગર હવેલીમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે ત્યાં જ ૧૨ ઓગસ્ટના રોજ સૌરાષ્ટ્રમાં અમરેલી, ભાવનગરમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. ઉત્તર ગુજરાતમાં બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લીમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગના ડાયરેક્ટર જયંત સરકાર અનુસાર આગામી ત્રણ દિવસમાં રાજ્યમા સારો એવો વરસાદ વરસશે તથા રાજયના કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદની શક્યતા છે.

૧૨ ઓગસ્ટ દક્ષિણ ગુજરાત અને ૧૩ ઓગસ્ટ ઉત્તર ગુજરાત માટે ભારે બની રહેશે. હવામાન વિભાગની આ આગાહીના પગલે માની શકાય છે કે જન્માષ્ટમીના તહેવારે લોકો ઘરમાં જ રહેશે. રાજયના ૮ તાલુકામાં ૧ હજાર મિમિ એટલે કે, ૪૦ ઈંચ કરતા વધુ વરસાદ થયો છે. આ તાલુકાઓમાં સુરતના ઉમરપાડામાં ૫૨ ઈંચ, પોરબંદરના રાણાવાવમાં ૪૨.૪૮ ઈંચ, કુતિયાણામાં ૪૩.૦૪ ઈંચ, દ્વારકાના ખંભાળિયામાં ૬૫.૪૮ ઈંચ, કલ્યાણપુરામાં ૫૧ ઈંચ, ભાણવડમાં ૫૦.૫૨ ઈંચ, જામનગરના કાલવડમાં ૪૦.૩૬ ઈંચ, વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં ૫૦.૨૮ ઈંચ વરસાદ થયો છે.

અમદાવાદની વાત કરીએ તો શહેરમાં ગત બે દિવસમાં જામેલો વરસાદી માહોલ બે દિવસ યથાવત રહ્યો હતો. શહેરમાં દિવસભર ઝરમર વરસાદ જોવા મળ્યો હતો તો કેટલાંક વિસ્તારોમાં ભારે વરસાદી ઝાપટાં પણ નોંધાયા હતા. બે દિવસમાં સરેરાશ અઢી ઈંચ જેટલો વરસાદ શહેરમાં નોંધાયો હતો. પૂર્વ વિસ્તારના કેટલાંક વિસ્તારોમાં સાડા ત્રણ ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો જ્યારે ઓઢવ વિસ્તારમાં સૌથી વધુ ચાર ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. કોટ વિસ્તાર અને પશ્ચિમ વિસ્તારમાં પાલડીમાં ત્રણ ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો.

# રાજ્યમાં આજથી માસ્ક ન પહેરનારા પાસેથી વસુલાશે રૂ.૧૦૦૦નો દંડ



ગાંધીનગર,તા.૧૦

રાજ્યમાં કોરોના વાયરસ દિવસેને દિવસે વધુ ઘાતક બની રહ્યો છે, જેના કારણે આજે રાજ્યના સીએમ વિજય રૂપાણીએ એક મહત્વપૂર્ણ જાહેરાત કરી છે. કોરોના મહામારી વચ્ચે ગુજરાત સરકાર દ્વારા આજે એક મોટી અને મહત્વપૂર્ણ જાહેરાત કરાઈ છે. રાજ્યમાં આવતીકાલથી માસ્ક નહિ પહેરનાર વ્યકિત પાસેથી એક હજાર રૂપિયાનો દંડ વસૂલ કરવામાં આવશે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પ્રેસ કોન્ફરન્સમાં આ જાહેરાત કરી છે.

વિજય રૂપાણીએ માસ્કનો દંડ વધારવાની જાહેરાત કરતા જણાવ્યું કે, ગુજરાતમાં હાઈકોર્ટની ટકોર પછી તેના પર રાજ્ય સરકારે વિચાર વિમર્શ કર્યો છે. અને હાઈકોર્ટે આપેલા ચુકાદા પ્રમાણે રાજ્યમાં આવતીકાલથી માસ્ક ન પહેરવા પર ૧૦૦ રૂપિયાનો દંડ લેવાનો અમલ કરવામાં આવશે. રાજ્યમાં આવતીકાલ એટલે કે ૧૧ ઓગસ્ટ, મંગળવારથી જાહેરમાં માસ્ક ન પહેરનારા વ્યક્તિઓને ૧૦૦૦ રૂપિયાનો દંડ કરવામાં આવશે. વિજય રૂપાણીએ વધુમાં જણાવ્યું હતું કે, મારી ગુજરાતના સૌ નાગરિકોને અપીલ છે કે, આગામી જન્માષ્ટમી સહિતના તહેવારોમાં બહાર નીકળીને ભીડભાડ ના કરે. કેમકે કોરોના સંક્રમણ આવી ભીડભાડથી વ્યાપક રીતે ફેલાય છે તેથી આવા સંક્રમણને અટકાવવા સૌ નાગરિકો ઘરમાં જ રહીને તહેવારો ઉજવે. કોરોનાને નિયંત્રિત કરવું આપણા હાથમાં છે.

## ત્રીજા સોમવારે સોમનાથ મહાદેવ મંદિરમાં ભાવિકોની પાંખી હાજરી

વેરાવળ,તા.૧૦

આજે શ્રાવણ માસનો ત્રીજો સોમવાર છે. બમ બમ ભોલેના નાદથી સૌરાષ્ટ્રભરના શિવાલયો ગુંજી ઉઠ્યાં છે. ત્યારે આજે સોમનાથ મહાદેવને પુષ્પો અને બિલિપત્રાનો અલૌકિક શૃંગાર કરવામાં આવ્યો છે. કોરોનાની મહામારીના કારણે આજે સોમનાથ મંદિરમાં ભાવિકોની પાંખી હાજરી જોવા મળી રહી છે. મહત્વનું છે કે શ્રાવણ માસના દર સોમવારે મોટી સંખ્યામાં ભાવિક ભક્તો દર્શન કરવા આવતા હોય છે, પણ કોરોનાને લઈને આ વર્ષે ભાવિકોની સંખ્યામાં ઘટાડો થયો છે. શ્રાવણ મહિનામાં પ્રથમ જ્યોતિર્લિંગના દર્શનનું વિશેષ મહત્વ છે. શ્રાવણ મહિનાના દરેક સોમવારે હજારો ભક્તો સોમનાથ મહાદેવના દર્શન કરે છે. ત્યારે આ વખતે કોરોનાના કારણે શ્રાવણ મહિનામાં પણ ભક્તો આવી નથી રહ્યાં.

# ભક્તો માટે ૧૦ થી ૧૩ ઓગસ્ટ સુધી બંધ રહેશે દ્વારકાધીશ મંદિર

દ્વારકા,તા.૧૦

કોરોના મહામારીના કારણે આજથી ગુજરાતના સુપ્રસિદ્ધ દ્વારકાધીશ મંદિર ભક્તો માટે બંધ રહેશે. એટલે કે આજથી ભક્તો દ્વારકાધીશના દર્શન કરી શકશે નહીં. ૧૦ ઓગસ્ટથી ૧૩ ઓગસ્ટ સુધી મંદિરમાં ભક્તોને દર્શન માટે પ્રવેશ આપવામાં આવશે. જન્માષ્ટમીએ પણ દ્વારકાધીશ મંદિરમાં સાદગીથી ઉજવાશે. કોરોનાના કેસ વધતા જિલ્લા ક્લેક્ટરે જાહેરનામું બહાર પાડ્યું હતું. આજથી કોરોનાવાયરસના કારણે ભક્તો તેમજ ભગવાન દ્વારકાધીશ વચ્ચેનું અંતર જોવા મળી રહ્યું છે. ઐતિહાસિક રીતે પ્રથમ વખત સાતમ, આઠમ, નોમ ભગવાન દ્વારકાધીશના દર્શન ભક્તો માટે બંધ કરાયા છે. માત્ર પુજારી પરીવાર દ્વારા ભગવાન દ્વારકાધીશના જન્માષ્ટમી ઉત્સવને ઉજવવામાં આવશે. દ્વારકા પ્રાચીન નગરી કહેવાય છે ચાર ધામ પૈકીનું એક ધામ એવું દ્વારકામાં બારે માસ ભક્તોની ભીડ રહેતી હોય છે આ વખતે ઈતિહાસમાં પ્રથમ વખત મંદિરના દ્વાર ભક્તો માટે બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. કોરોનાનો કહેર સતત વધી રહ્યો છે ત્યારે તંત્રએ મંદિરને બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે ત્યારે આ વખતે ભક્તો અને ભગવાન વચ્ચે કોરોના કહેરના કારણે સામાજિક અંતર વધી ગયું છે

. કોરોનાએ સમગ્ર વિશ્વમાં એવો કહેર વર્તાવ્યો કે મંદિરોમાં પ્રવેશ બંધ થયો વૈશ્વિક મહામારીએ લોકોને ભગવાનથી દુરી બનાવવા મજબૂર કરી દીધા છે. જન્માષ્ટમી આમતો દર વર્ષે અહીં ધામધૂમ ઉજવાતો સહુથી મોટો ઉત્સવ છે દ્વારકામાં આ સમયે દોઢ થી બે લાખ જેટલા ભક્તો આ સમયે દ્વારકા દર્શને અને જન્માષ્ટમી પર્વ પર ખાસ આવતા હોય છે. દ્વારકાધીશના જન્મના વધામણાં કરવા ભક્તો દેશ દુનિયામાંથી આવતા હોય છે.

અહીં હર્ષો ઉલ્લાસ પૂર્વક જન્માષ્ટમી પર્વની ઉજવણી કરવામાં આવે છે. અહીંનો ભવ્ય માહોલ જોઈને જ લોકો મંત્રમુગ્ધ બની જાય છે. જય દ્વારકાધીશપ જય હો નંદલાલ કીપ સહિતના નાદ સાથે દ્વારકાની ગલીએ ગલી દ્વારકામય બની જાય છે. કૃષ્ણના જન્મ દિવસ નિમિત્તે, શ્રાવણ વદ આઠમ તિથિ (કૃષ્ણ પક્ષ)ના દિવસે ભારતભરમાં ખૂબ જ ઉત્સાહથી ઉજવાતો તહેવાર છે. તેને કૃષ્ણ જન્મોત્સવ તરીકે પણ ઓળખાય છે આ વાર્ષિક હિંદુ તહેવાર વિષ્ણુના આઠમાં અવતાર શ્રી કૃષ્ણનાં જન્મ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. દ્વારકા અને મથુરા સહિત વિશ્વભરનાં કૃષ્ણ મંદિરોમાં જન્માષ્ટમીની રાત્રે કૃષ્ણ જન્મોત્સવની ભવ્ય ઉજવણી તથા આરતી, પૂજાના કરવામાં આવે છે.



બેંગલોર :
50,000 શોરૂમ અને દુકાનો બિઝનેસ ન હોવાના કારણે બંધ થઇ ગઇ...

10,000 ધમધોકાર કારોબાર કરતી ઓફીસો કાયમી ધોરણે બંધ...

400 હોટલ્સ બંધ અને 300 હોટલ્સ વેચવા કાઢી છે...

300 પ્લે હોમ સ્કૂલો કાયમી બંધ...

https://timesofindia.indiatimes.com/city/bengaluru/50k-shops-in-bengaluru-down-shutters-due-to-lack-of-business/articleshow/77291345.cms

નોંધ : કોઇ વ્યક્તિ - નેતા - મીડિયાના ભાષણો થી ન અભિભૂત થઇ જતાં કે ન દોરવાઈ જતાં ... માત્ર આપનો વ્યવસાય, આવક અને નફો કેટલો વધ્યો એના પરથી આત્મ નિરીક્ષણ અને મૂલ્યાંકન કરી ખર્ચાઓ કરજો... કરકસર થી નહીં પણ કંજૂસાઇ થી જીવતા નહીં શીખો તો બેંગલોર જેવી દશા આવનારા દિવસોમાં સમગ્ર ગુજરાતમાં આવવાની છે... પ્રારંભ તો થઇ ચૂક્યો જ છે...

3:21 pm

# સાહિત્ય સરિતા




આજે મનગમતો દિવસ પુસ્તક દિવસ

પુસ્તકની થપ્પીઓ ઉદાસ બેઠી હતી..વેર વિખેર થઈ હતી..તો થયું લાવનેઆજે તેને પણ મંદિરની જેમ સાફ કરૂ ને મળી આવ્યા તેમાંથી નાના પુસ્તકો જેમાં હતી મારા

બાળપણની મીઠી મીઠી યાદો..એક વાર્તા હતી જે મને ખૂબ જ પ્રિય હતી..ગાંધીજીની કબૂલાત..ચોરીની કબૂલાત...પછી આવ્યું બકોરપટેલનું જૂનું ચોપાનિયું...ને રચાય ગઈ.....

બકોજમાદાર...તેમાંની એક વાર્તા આપું.

નમસ્તે બાળકો,

બધાની વાર્તા સાંભળો ને વાંચો છો..?ચાલો આજે આપણે બકાજમાદારના જીવનમાં ફરી ડોકિયું કરી આવીએ..!

બકાજમાદારને રોજ નવું વાંચવા જોઈએ તેથી તેમને ખૂબ જ્ઞાન હતું . રોજ પક્ષીઓ વિશે વાંચેને અભ્યાસ પણ કરે .સામાન્ય ચકલી ,કબૂતર,હોલો, હંસ,પોપટ,મેના..ને રંગબેરંગી પીછા વાળો મોર..બધા વિશે વાંચે.

એકવાર એમના મિત્ર ઘેંટાભાઈ એ કહ્યુ કે મે

તળાવમાં આજે બે હંસ તરતા જોયા સુંદર હતા. પણ એમની વાત પરથી લાગ્યું કે ચિંતિત હતા! બકાજમાદારને થયું મારે પણ ત્યાં જઈ એમની વાત સાંભળવી પડશે.એ તો ઉપડ્યા ને ઉભા રહ્યા તળાવની પાળીએ.

ઘણો સમય વિત્યો પણ હંસ કે હંસની તો તરતા દેખાયા નહિ ન કંઈ એંધાણ મળ્યા.નિરાશ થઈ પાછા આવ્યા.ખાધુ ન ખાધું કરી સૂઈ ગયા.પણ નિંદર વેરણ થઈ ગઈ.શું બન્યું હશે..?કેમ ચિંતા કરતા હશે?જુઓ બાળકો કેવા ભલા હતા બકાજમાદાર કે એમને

હંસની ચિંતા થતી હતી.આપણે પણ ક્યારે મિત્રના સંકટને સમજીએ ,એનાથી ન રિસાઈએ પણ એનું અંતર મન ઓળખિએ તો કદી કડવાશ ન રહે જીવનમાં.

બીજે દિવસે વહેલા ઉઠીને પહોંચ્યાં ને ઉભા રહ્યા.સાંભળ્યુ કે તળાવમાં એક ઝેરી સાપ ક્યાંકથી આવી ચઢ્યો છેને ગામના છોકરાઓ તરવા આવે,ઢોરા પાણી પીવા આવે,આ બધાને જો નુકશાન કરી દેશે તો હવે એને કાઢવો રહ્યો.જુઓ ઘરમાં આવેલા મહેમાન ને એમ થોડો કાઢી મૂકાય?"અતિથિ દેવો ભવ"

હવે શું કરે કે સાપ મરે પણ નહિ ને લાઠી તૂટે પણ નહિ...

બકાજમાદારેનક્કી કર્યુ કે સાપ સાથે નોળિયાભાઈને મેળાપ કરાવી દઈએ ત્યાં સુધી બધાં જીવજંતુ,ઢોર ઢાંકર બધાને તળાવ પાસે જવાની મનાચ ફરમાવામાં આવી.નોળિયાભાઈ તો તળાવ પાસે ગયાને ફરવા લાગ્યા..સાપને નોળિયાને બાપદાદા ના વેર..સાપ તો સડસડાટ તળાવના કિનારે આવ્યો ને ગર્વથી ફેણ ઊંચી કરી જોરજોરથી ફુત્કાર કરવા લાગ્યો.નોળિયાએ સમજાવ્યું કે તળાવ અમારે માટે ખૂબ મહત્વનું છે માટે તમે બંધુ આ તળાવ છોડી જાવ તો સારૂ.અભિમાની સાપ તો ન માન્યો ,હવે શું કરવું લઢે વઢે તો મારામારી થાય ને એ કરવી નહોતી.નિશાનબાજ બાજ ભાઈને બોલાવ્યા કે હવે તમે રસ્તો કાઢો.જુઓ બાળકો બકાજમાદાર હિંસા કર્યા વગર નિકાલ લાવવા માંગતા હતા,બાજે નક્કી કર્યુ કે એમને પંજા મા ઊંચકી ને જંગલમાં ફેંકી આવું ,પણ સાપ તો હાથમાં જ ન આવે .સાપને તો બહુ મજા આવી ગઈ ,બધાને હેરાન કરવાની.બરકેશ ને તેની તોફાની ટોળી આવી પહોંચી,એમા રામા મદારી નો દીકરો પણ હતો, એણે યુક્તિ કરી કે હવે એની મસ્તી ઓછી કરવી રહી.જુઓ બાળકો હળીમળી ને ન રહીએ ને તો ક્યારેક મોટી ક્ષતિ ભોગવવી પડે.

સાપને લલચાવવા ને એણે સાપને પકડ્યો નેપછી એને બેભાન કરી એના ઝેરીલા દાંતજ કાઢી નાંખ્યા.પછી એને છોડી મૂક્યો . હવે ન તો એ કોઈને ડંખ મારી શકે ન કોઈને ઝેર ચઢે કોઈ એનાથી ડરે પણ નહિ.જુઓ જાણી જોઈને સાપે પોતાની જિંદગી પોતાના ગુણધર્મ

વગર જીવવાનો વારો આવ્યો.બકા જમાદાર તો એનું ભલું ઈચ્છતા હતા એણે પોતેજ પોતાના હાલ ધોબીના કૂતરા જેવા કર્યા ન રહ્યો ઘરનો ન રહ્યો ઘાટનો.હંસ ને હંસિની એ બકા જોરદારને આભાર માન્યો ને મદારી ના પુત્રનો પણ. બધે ખુશી ફેલાઈ ગઈ.

માટે બાળકો પરિસ્થિતિને અનુકળ થઈને બધા સાથે હળીમળીને રહેતા શીખીએ તો માન થી ને આનંદમાં રહી શકીએ. માણશોને માનપૂર્વક જીવવાનું ..તમારી મિત્રની વાત.

જયશ્રી.પટેલ

૧૧/૮/૨૦૨૦

---

પંગત" ગામડાની વિસરાયેલી એક પરંપરા

"એલા દાળ આવવા દયો આ ખૂણામા..."

"એ.. હા.. કોને જોતી'તી દાળ..?"

"શાક ફેરવો એલાવ..."

. "એ..ભાઈ.. હરવો રે.. કમંડળમાં થી દાળ સલકાય સે.."

"આ બાજુ લાડવા લાવો એલા.. મેમાન ભૂખ્યા નો રે'વા જોય હોં."

"આટલો.. એક લાડવો તો લેવો જ પડસે તમારે.."

"ના હોં.. હવે જરાકેય નય હાલે..બસ.. બસ.."

"અરે એમ હાલતુ હસે યાર.. ? અડધો લાડવો તો લેવો જ પડે.."

"ના હોં.. સોગનથી હવે નય હાલે..ના.. ના.."

"એલા એ તો ના પાડે.. પકડો બે હાથ.. ખવરાય એલા તુ તારે.."

---

આ..હા... હા... શું પંગત જામી હોય..! આવાં વાક્યો લગભગ દરેક પંગતમાં સાંભળવા મળે, મળે ને મળે જ.. પંગતની આ ખરી મોજ હતી.

"પંગત" એટલે સમૂહમાં કતારબંધ જમવા બેસવું. પરંતુ આ જમણવાર શરૂ થાય એ પહેલાંની તૈયારીઓ પણ ગજબની હોતી.

અગાઉના દિવસથી જ મહોલ્લો, વાડી કે એવી કોઈ મોટી જગ્યામાં વ્યવસ્થા કરવામાં આવતી. સીધું-સામાન પહોંચી જાય પછી સાંજથી જ વાડીમાં ચહલપહલ વધી જાય. કારણ - રસોઈ બનાવવાની તૈયારીઓ.

હા. પહેલાં આજની જેમ રસોઈયો આખી મંડળી લઈને ના આવતો. એ એકલો જ એનાં ઓજારો સાથે આવે. બાકીનું કામ કુટુબીજનો અને મહોલ્લાના પડોશીઓ સાથે મળીને કરતા.

રાત પડે એટલે ચૂલા સળગે. લાકડાં જાડાં કે હવાયાં હોય એટલે સૌ પહેલાં તો આખી વાડી ધૂમાડાના ગોટેગોટાથી ભરાઈ જાય. તો પણ આંખો ચોળતાં ચોળતાં અડગ રહીને કામ કરવાનું.

અલગ અલગ ટુકડીઓ પાડીને કામની વહેંચણી થઈ જાય. કોઈ શાકભાજી સુધારે, કોઈ લસણ ફોલે, કોઈ સૂરણ, મરચાં ઠીક કરતું હોય. બાળકો ઉત્સાહમાં વાસણો સાફ કરીને ગોઠવતાં હોય. એક ખૂણામાં ભાભલાઓની સભા જામી હોય. ચા, પાણી અને બીડીઓ ઉપર બીડીઓ ખેંચાતી હોય, સાથે સાથે અગાઉના પ્રસંગોમાં બનેલી સારી-નરસી ઘટનાઓની વાતો થતી હોય. હસીમજાક અને ગમ્મતનો પાર ના આવે.

સૌથી પહેલાં તો મીઠાઈ બનાવવાનું કામ ચાલે. ખાસ કરીને લાડુ જ હોય. લાડુ માટે પહેલાં મુઠીયા બનાવી તેલમાં તળવાં પડે. પછી એને ભાંગવાનાં. આજની જેમ મિક્સર નહોતાં. એટલે ચુરિયા ખાતરની થેલીઓ ધોઈને સાફ કરી રાખી હોય. એમાં ભરીને એકજણ મોંઢિયું પકડી રાખે. પછી એ થેલીને પથરા ઉપર રાખીને બે જણા સામસામે ધોવાના ધોકા વડે મંડી પડે. ઘબ્બ ઘબ્બ ઘબ્બ ઘબાકાથી વાડી આખી ગાજતી હોય. એમાંય ધીબાકા દેનારાને શૂરાતન માતું ન હોય. આવા સમયે ભૂલથી પણ બે ધોકા સામસામે સહેજ પણ ટકરાઈ જાય તો લાકડાના ધોકામાંથી પણ તણખા ઝરતા.

વાડીમાં રાત્રે નાસ્તા માટે ભજીયાં બનાવવામાં આવે. કડાઈમાં તળાતાં ભજીયાંની સુગંધ ચારેબાજુ ફેલાય એટલે આઘાપાછા થયેલા "કામચોરો" પણ રસોડા પાસે ટોળે વળવા માંડે. જેવો પહેલો ઘાણ ઉતરે એટલે શરૂઆત એ જ લોકો કરે. કામ કરનારા પાછળ રહી જાય. એવા માણસો સૌથી પહેલાં ચાખે, ખાય અને એક બે ખોટ તો કાઢે જ..

"થોડી મેથી ઓછી પડી.."

"ઓમ તો બધુ બરોબર સે પણ અંદરથી થોડા કાચા રયા સે."

"રસોઈયો શીખાઉ લાગે સે એલા.. લોટમાં ખારો વધારે નાંખી દીધો સે.."

આમ છતાં રાત્રે બધા ભેગા મળીને ગોટા ને મરચાં ઝાપટવાની જે મજા પડતી એની તો શી વાત કરવી. અમુક તો રીતસરના હરીફાઈમાં ઉતરે. એમાંને એમાં બે-ત્રણ દિવસનો પૂરવઠો ભેગો કરી લેતા. પછી ભલેને સવારે ડબલાં ઉપર ડબલાં ભરવાં પડે. હા, જાજરૂની વ્યવસ્થા નહોતી ને એટલે ડબલું જ એક હાથવગું હથિયાર હતું.

રાત્રે મોટા ભાગનું કામ પતી જાય. પછી સવારે વળી પાછા વાડીમાં મેળાવડો ભેગો થાય. પીરસવાવાળાની ટુકડીઓ પડે. દાળ, ભાત, શાક, ફુલવડી વગેરે માટે માણસ જોઈને કામ સોંપવામાં આવે. એમાંય લાડુ માટે તો ખાસ માણસોની પસંદગી કરવામાં આવે. ચર્ચા વિમર્શ કરવામાં આવે.

"એમ કરો, લાડવામાં રઘો અને શંભુ એ બે જણાને રાખો. એને ફાવટ સે કાયમની. "

"ના એલા, શંભુ થોડો કાચો પડસે. રામ ચાલસે..શંભુને હમણા ઠીક નથી રે'તું પાસું.. "

"હા..એ બરોબર. અ રામ ને રઘો બે જણા કંપ્લેટ કરો. બે જણા ફાઈનલ.." અને આમ લાડુ પીરસનારા પણ નક્કી થઈ જાય. એક ટુકડી રસોડામાંથી બધું ભરી આપવા ખડેપગે હોય. પંગતમાં કોઈને શું જોયે છે, શું ખૂટે છે, એ તપાસવા માટેના પણ સ્પેશ્યાલિસ્ટો હોય. પાંચ-સાત જણા એવા તો પહેલાંથી જ નક્કી હોય. નાનાં છાકરાં પોતાની રીતે પાણીની ડોલો જ ગોતી લ્યે. એમનું કામ પાણી આપવાનું.

ટુકડીઓ, વાસણો, પાથરણાં બધું જ રેડી થઈ જાય. પછી મહેમાનો આવવાનું ચાલુ થાય.

"એ.. રામ રામ ભીખાભાઈ.. આવો .. આવો.. "

"રામરામ જેરામભાઈ. કેમ સો તમે..?"

"એકદમ મજામાં હોં. તમે બોલો.. કેમ સો.. ? તબિયત પાણી ઠીક સે ને..?"

"તબિયત તો એકદમ ઘોડા જેવી હોં. આ ઉભા જોવો.પસી સુ થાય એ ભગવાન જાણે.."

જેમ જેમ મહેમાનો આવતા જાય તેમ એક-બીજાને હાથ મિલાવીને રામ રામ કરતા જાય અને ખબરઅંતર પૂછતા જાય. પછી જેને જ્યાં ઠીક લાગે ત્યાં લાઈનમાં ગોઠવાતા જાય. લાઈનોની જગ્યા પૂરી ભરાઈ જાય એટલે બહાર સ્ટોપ કરવાવાળા પણ ઉભા હોય. વાડીની જાળી આડી કરીને કે હાથ આડા કરીને બાકીનાને પંગત પૂરી થાય ત્યાં સુધી બહાર સ્ટોપ કરી દેવામાં આવે.

ત્યારબાદ કામ ચાલુ થાય પીરસવાનું. બે ટુકડીઓ પોતપોતાની વસ્તુઓ લઈને બન્ને લાઈનમાં નીકળી પડે. સૌથી પહેલાં લાડુ હોય. પછી શાક, ફુલવડી, દાળ વગેરે હોય. ભાતનો વારો તો છેલ્લે આવે.

લાડુ પીરસનારો હોંશિયાર હોય. જમનારનું મોંઢું જોઈને જ સમજી જાય કે અહીંયા કેટલું ખપશે. અને એ પ્રમાણે એક, બે કે ત્રણ લાડુ થારી માં મૂકતો જાય. પીરસવાની ઝડપ પણ ગજબની હોય.

પંગતમાં ધ્યાન રાખનારા પાછા સૂચનાઓ આપતા જાય-

"એલા બે મેલ બે.. મેલ તુ તારે.. એ તો ખવાય જાહે..આવડા મોટા શરીરમાં બે કાય ના કેવાય એલા."

"આ લાઇન માં ફુલવડી નથી આયવી એલા.. ક્યા ગ્યો ફુલવડીવાળો.. ઓય.. એ પકલા.. આયા ફુલવડી લેતો આય.."

"એલા સોકરા, પાણી ઢોળાઇ નય હોં.. હાચવી હાચવી ને આલજો.. શાંતિથી.."

"દાળવાળા બેય જણા હારે નો રખડો એલાવ.. આગળ પાછળ થય જાવ.. એક જણો છેલ્લે આપો.."

પંગતનો જમણવાર બરાબરનો જામ્યો હોય. એય ને દાળના સબડકા બોલતા હોય.. લાડવાનું બટકું ને શાકનું પીતું ભેગું કરીને મોંમાં મમળાવતા હોય.. મીઠી વાતોચીતો થતી હોય.. બધા મોજથી જમતા હોય... એ દ્રશ્ય પણ જોવા જેવું હોય હોં...

અડધા ઉપર જમણવાર પતે એટલે ભાત પીરસવાનું ચાલુ થાય. પાછળ ને પાછળ લાડવાની તાસ ફરતી હોય. પ્રેમથી જમાડવાની પરાકાષ્ઠા અહીં જોવા મળે. વડીલો એક પછી એક એમ તમામને લાડુ સીધો મોંમાં જ મૂકતા આવે. કોઈપણ જાતની આનાકાની અહીં ચાલે જ નહીં.

"લ્યો, આઆઆ... કરો તાણ.. ખોલો મોઢુ.."

"એમ હાથ આડા રાચખે નઈ મેળ હોં મેમાન. લેવાનો એટલે લેવાનો.. ના નો પડાય હોં.."

"એલા આટલી જુવાનીમાં આ નઈ જેવડું લાડવું કાચ નો કે'વાય ભલાઆદમી.. હાથ સેટા રાખજો તમે.."

"મારાથી તો હવે નઈ ખવાય હોં.... સોગનથી હવે નઈ.. જરીકેય નઈ.."

"ઓ.. હો.. હો.. ગોવીંદભઈ તમે..? એલા મે તો તમને જોયા જ નોતા.. તમારે તો બે ખાવા જ પડસે.."

આમ છેલ્લા ફેરામાં મહેમાનોને આગ્રહ કરી કરીને લાડુ ખવડાવવામાં આવે. કેટલાકને સાચે જ પેટમાં જગ્યા ન હોય. છતાં ખાવું પડે. પછી અમળાયા કરે. કેટલાકને તો ખાવાની ઈચ્છા હોય જ. પરંતુ અમસ્તી જ ના પાડે. પછી અડધાની જગ્યાએ બે લાડવા ઝાપટી જાય. આગ્રહ કરવાવાળાને ક્યારેક સામેથી પણ ખાવું પડે. ત્યારે બરાબરની જામે.

પંગતમાં વહેલાં મોડા જે કોઈ જમી રહે તે રાહ જોઈને બેસે. અને લગભગ બધા સાથે જ ઊભા થાય. આ પણ પંગતની એક આગવી લાક્ષણિકતા હતી. ફળિયાનો છેડો, પટકો, કે ખેસના છેડે હાથ મોં લૂછતા લૂછતા સૌ બહાર નીકળે. ત્યાં તો એઠાં વાસણ લેવાઈ જાય, સફાઈ થઈ જાય, અને ફરીથી વ્યવસ્થા થઈ જતાં બીજી પંગત શરૂ થાય.

---

મિત્રો, આવી હતી પંગતની વાસ્તવિકતા. જેમાં ભાઈચારો, સહકાર, આત્મિયતા, પ્રેમ, આનંદ, આદર, સત્કાર, જેવી બાબતો વણાયેલી હતી. એકબીજાની સાથે બેસીને હોંશથી જમવાની જે મોજ હતી એનું વર્ણન જ ન થઈ શકે.

પંગત એટલે મહેમાનનું સન્માન અને આનંદ જાળવવાની પરંપરા. મહેમાન જમી ના રહે ત્યાં સુધી એને કોઈપણ વસ્તુ માટે ઊભા થવું ન પડે. દરેક વસ્તુ એના ભાણાં સુધી આપણે પહોંચાડવાની ભાવના જોડાયેલી હતી. કુટુંબ અને પડોશીઓનો સંપ કેટલો છે એનો ખ્યાલ પંગતમાં આવી જતો.

દરેક પંગતની આગવી વિશેષતા હતી. એનો અલગ માહોલ હતો. એની અલગ મજા હતી. પંગત એટલે મહેમાનોને હાથેથી જમાડીને પોતે જમ્યા જેટલો આનંદ લેવાનો અવસર હતો. પંગતનું જમણ જમનારને પણ પોતીકું લાગતું.

આજના "બુફે" યુગમાં "પંગત" એક ઈતિહાસ બની ગઈ છે. આજે જમણવારમાં જમવાની આઈટમો અનેકગણી વધી ગઈ છે, પરંતુ જમવાનો સંતોષ અને મજા ઘટી ગઈ છે. આવનારા સમયમાં "પંગત" હમેશાં હમેશાં માટે ઈતિહાસના પાનાઓમાં અદ્રશ્ય થઈ જાય તો નવાઈ નહીં.

"બૂફેનો જમાનો આવ્યો, નથી બેસતી હવે પંગત.

સંગતમાં તો હર કોઈ છે, પણ કોને કહવું અંગત..? "

મિત્રો, આપણે નસીબદાર છીએ કે પંગતનો પ્રેમ અને બુફેનું બખડજંતર બન્ને જોઈ-માણી શક્યા છીએ. ચાલો, જમાના પ્રમાણે બધું બરાબર છે. છતાં પંગત એ તો પંગત જ...

---

ઢળતી સંધ્યાનું આકાશ કેટલું
ખૂબસુરત લાગે છે
તો પછી ઢળતી ઉંમર નો આપણને કેમ થાક લાગે છે ?
આ તબક્કે જ અધૂરા સપનાઓ પૂરી કરવાની એક આશ જાગે છેઢળતી ઉંમરનો
આપણને કેમ થાક લાગે છે
જવાબદારીઓ થી મુક્ત થઈને
પોતાની જાતને મળવાની એક પ્યાસ જાગે છે
ઢળતી ઉંમરનો આપણને કેમ થાક લાગે છે
અંધારી રાત પછી સોનેરી સવારનો કેવો ઉજાસ લાગે છે
આ ઉંમરે જિંદગીના અનુભવો પરથી
સમજણનો એક અહેસાસ જાગે છે
ઢળતી ઉંમરનો આપણને કેમ થાક લાગે છે
સુખ-દુઃખ એ જીવનનું સનાતન સત્ય છે
એને બાજુ પર મૂકી જિંદગી જીવો
પછી જુઓ જિંદગી કેવી ખાસ લાગે છે
તન થાકવું એ નિયતી છે
પણ મનથી નહીં થાકતા દોસ્તો
પછી જોઈ લેજો ઢળતી ઉંમરનો
ક્યાં કોઈ થાક લાગે છે

---

લોકડાઉન સ્પેશિયલઃ હું ને મારો કાનો.

આજે તો જન્માષ્ટમી. મારાં વ્હાલાં કાનુડાનો અવતરણ દિવસ! કાનુડો આમ પણ નાનેથી જ મારો ફેવરીટ. અને આજે તેનો બર્થ ડે ....એટલે આજે તો મેં તેને યમુના જળમાં કેસર મિશ્ર કરી સ્નાન કરાવ્યું. પછી નવાં વાઘાં પહેરાવ્યાં. મોતીનાં અલંકારો અને મુગટ પહેરાવ્યાં. મુગટમાં મોરપિચ્છ મુક્યું. હાથમાં મોરલી આપી. અને તેનાં માટે તાજું બનાવેલું માખણ લેવાં જતી હતી કે બાળ ગોપાળે મારો પાલવ પકડીને ઊભી રાખી દીધી. પછી કૂદકો મારી, મંદિરની બહાર આવી ગયો. ને જેમ ગોપીઓને આડો ફરીને દાણ માંગતો તેમ મારો રસ્તો રોકીને ઊભો ઊભો મંદ-મંદ મુસ્કાવા લાગ્યો. હું તો આભી બનીને તેની મોહક મૂરતને જોતી જ રહી ગઈ! ને તે તો કવિતા બોલતો હોય તેમ બોલવા માંડ્યો....

"સોળે શણગાર સજાવ્યાં તેં મુજને પણ,
સત્તરમો શણગાર ભૂલી.
મુગટ ને મોરપિચ્છ સઘળું પહેરાવ્યું, માસ્ક પહેરાવવું કેમ ભૂલી?
મેવા, મીઠાઈ અને મીસરી ધરાવીશ તું,
પણ સેનેટાઈઝર લાવવાનું કેમ ભૂલી?
જાવું છે આજ મારે ભક્તોની પાસે ને,
તું આજે જ આ તકેદારીઓ ભૂલી."

આટલું કહીને તે તો અવળું મોં ફેરવી ઊભો રહી ગયો. થોડીક ક્ષણો બાદ હું ભાનમાં આવી. ને મેં નંદલાલાને મનાવવાની કોશિષ કરી. "લાલા, મોટી ભૂલ થઈ ગઈ મારી. એક વાર માફ કરી દે. ફરી આવી ભૂલ ક્યારેય નહીં કરું. હમણાં જ સેનેટાઈઝર લાવી તારા હાથ સાફ કરાવું છું. ઉભો રહેજે, હોં! અબઘડી આવી." કહી મેં કબાટ તરફ રીતસર દોટ મૂકી. તેમાંથી જાતજાતની સુગંધવાળા સેનેટાઈઝર લાવી કનૈયાની સામે ધરી દીધાં. ને બોલી, "બોલ, કાનુડા. તને આમાંથી કઈ સુગંધ ગમશે? ગુલાબ, મોગરો, કમળ, ઓરેન્જ.....આટલી વિવિધ બોટલો જોઈને કાનુડો મર્માળુ હસ્યો.

હું થોડી ગુસ્સે થઈ ગઈ. આમ, હસ્યાં શાને કરે છે? તારી પસંદ કહે ને એટલે લગાવી દઉં. છેવટે આ કે પેલું કરતાં તેણે તુલસીની સુગંધવાળું સેનેટાઈઝર પસંદ કર્યું. મેં બીજી બોટલો પડતી મૂકી તેનાં હાથમાં તે લગાવી આપ્યું. અને આખું ઘર તુલસીની મહેંકથી ભરાઈ ગયું. તેનાં કુમળાં હાથની નાજુક ગુલાબી હથેળીઓમાં સેનેટાઈઝર લગાવતી વખતે મને એક અવર્ણનીય અનુભવ થયો! પછી આવ્યો માસ્કનો વારો. જુદી જુદી ડીઝાઈનવાળા, રંગબેરંગી ઢગલો એક માસ્ક જોઈને કાનો બોલી ઉઠ્યો, "વાહ, તમારું માણસોનું કહેવું પડે હોં! આફતમાં પણ ફેશન!" મેં કહ્યું, " કાના, મહેણાં મારવાનું બંધ કર." અને પછી નાનાં બાળકને પટાવતી હોઉં તેમ બોલી, "તને ગમે તે માસ્ક પસંદ કરી લે એટલે જલ્દી પહેરાવી દઉં. આજે તારે ભક્તોને દર્શન આપવા જવાનું છે. તારે મોડું થાય છે ને?" કાનાએ મોરપીછ રંગનું એક માસ્ક પસંદ કર્યું. મેં તેને પહેરાવ્યું કે તરત તે બહાર દોડી ગયો ને હું બૂમ પાડતી રહી ગઈ.... "અરે, કાના! જરા ઊભો રહે. ગરમ પાણીની બોટલ તો લેતો જા. ને સાંભળ, બહારનું કંઈ ખાઈશ નહીં...."

"દાદીમા, ઊંઘમાં કોને બૂમો પાડો છો?" મારી પૌત્રવધુએ મને ઢંઢોળીને જગાડતાં પૂછ્યું. મેં તરત મંદિરમાં બિરાજેલા બાળગોપાળ સામે જોયું. પછી તૈયાર થઈને મંદિર જતી વખતે પૌત્રવધુ પાસે સેનેટાઈઝર અને માસ્ક માંગ્યાં. તેણે થોડું હસતાં લાવી આપ્યાં. ઘરનાં બધાં સામે ઈશારો કરતાં ધીમેથી પૂછ્યું, "આ ચમત્કાર કેવી રીતે થયો? દાદી આ બધું વાપરવાનું માન્યા શી રીતે?" કોઈ જવાબ વાળે તે પહેલાં તો હું માસ્ક લગાવી, સેનેટાઈઝર અને ગરમ પાણીની બોટલ સાથે લઈ મંદિર જવા નીકળી પડી. જતાં જતાં કાનુડા સામે જોયું તો તેણે જમણા હાથનો અંગૂઠો બતાવી મનમોહક સ્મિત વેર્યું.

ભગવતી પંચમતીયા 'રોશની

## ગુજરાતી રંગભૂમિના ઘડવૈયા કાંતિલાલ ત્રિપાઠી

શ્રી કાંતિલાલ ત્રિપાઠી ગુજરાતી સાહિત્ય પરિષદ ના સભાસદ, ગુજરાત ઈતિહાસ પરિષદ ના આજીવન સભ્ય, પ્રેમાનંદ સાહિત્ય સભાના સભાસદ, અને વાર્તા વર્તુળ ના મંત્રી તરીકે રહ્યા અને સફળ સેવા ઓ આપી. તેઓ સારા લેખક અને એમની કેટલીક એકાંકી ઓ , નાટકો અને પ્રહસાનો ભજવાયા છે. મારે લગ્ન કરવું છે, રમણીયો ભલે પરણે



, હું પરણવાનો નથી,સરૂ આખરે પરણી બેઠી , બસ સ્ટોપ , માદળિયું , માનવતા રડાવે છે , આથી દીકરા ન હોત તો સારા, ગગલો પ્રધાન બન્યો, પરણીશ તો એને જ પરણીશ , માંડવો માબાપ ને મુરતિયો × વગેરે એમની સુંદર કૃતિ ઓ થઈ ગઈ. ઉપરાંત તેમણે ભાવાઈવેશો પણ લખેલા છે. રેડિયો રૂપકો માટે પણ એમની હથોટી સારી હતી.

ઘનશ્યામ વ્યાસ

સૌજન્ય -ગુજરાતી રંગભૂમિ ના ઘડવૈયા

## રાજ્યની ૮ બેઠકોની પેટા ચૂંટણી બેલેટ પેપરથી કરાવવા કોંગ્રેસની માંગ

*ગાંધીનગર,તા. ૧૦*

ગુજરાત વિધાનસભાની ચુંટણીમાં બ્યૂગલ વાગી રહ્યા છે. ત્યારે ગુજરાતમાં પેટા ચૂંટણીને રોકવા માટે ગુજરાત હાઈકોર્ટમાં થોડા દિવસો પહેલા એક અરજી કરવામાં આવી હતી. આ અરજી કોરોના વાયરસના વધતાં સંક્રમણને ધ્યાનમાં રાખીને કરવામાં આવી છે. આ અરજીમાં કહેવામાં આવ્યું છે કે જો હાલના સમયમાં પેટાચૂંટણી યોજાશે તો કોરોનાનું વધુ સંક્રમણ ફેલાશે અને ચૂંટણી દરમિયાન ૫૦ લાખ લોકોની અવરજવર થશે તેથી તેને મોકૂફ રાખવામાં આવે. ત્યારે આ મુદ્દા પર ગુજરાત હાઈકોર્ટમાં તેની સુનાવણી કરી હતી. આ મામલે ચૂંટણી પંચ અને મુખ્યચૂંટણી અધિકારીને ગુજરાત હાઈકોર્ટે નોટિસ ફટકારી હતી. હવે આગામી ૧૯ ઓગસ્ટે આ મુદ્દા પર હાઈકોર્ટ પોતાનો ચુકાદો સંભળાવશે. ત્યાં જ આજે કોંગ્રેસે પણ ચૂંટણી પંચને પેટા ચૂંટણી માટે કેટલાક સુચના મોકલ્યા છે. પેટા ચૂંટણીને લઈને કોંગ્રેસ પક્ષ દ્વારા ચૂંટણી પંચને સૂચનો સોંપવામાં આવ્યા છે. કોંગ્રેસ દ્વારા ચૂંટણી પંચને જે સુચનો આપવામાં આવ્યા છે તેમા ચૂંટણી બુથ વધારવામાં આવે તેવું પણ કહેવામા આવ્યું છે. સાથે જ એક મતદાન મથક પર ૫૦૦ જેટલા જ મતદારો હોય અને ઈવીએમ મશીન દ્વારા કોરોનાં સંક્રમણ વધવાની શક્યતા છે જેથી ઈવીએમનાં બદલે બેલેટ પેપર દ્વારા મતદાન કરવામાં આવે તેવું કોંગ્રેસે સુચન કર્યું છે.

## ગુજરાતના મહેસૂલ મંત્રી કૌશિક પટેલના મોટાભાઈએ ગળેફાંસો ખાઈ જીવન ટુંકાવ્યુ

**રાજ્યના મહેસૂલ મંત્રી કૌશિક પટેલના મોટાભાઈ ગૌતમભાઈ પટેલે આજે સવારે શીલજ ખાતે શાલીન બંગલોઝમાં પોતાના ઘરે ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી છે. આત્મહત્યા સમયે તેમના પુત્ર અને પુત્રવધુ ઘરે હાજર હતા. ઘરમાંથી સ્યુસાઇડ નોટ નથી મળી આવી. તેમણે ક્યાં કારણોસર આત્મહત્યા કરી છે તે અંગે તપાસ કરવામાં આવી રહી છે**



વિકલાંગ સહાયક કેન્દ્ર.વટવા.અમદાવાદ ખાતે પ્રમુખ બાબુભાઈ સાબુવાલા દ્વારા નાના બાળકોને માસ્ક વિતરણ કરવામાં આવ્યું.

# ગુજરાત સરકારના પ્રવાસન મંત્રી ખેડબ્રહ્મા ના ગઢડા શામળાજી ગામની મુલાકાતે

પત્રકાર કમલેશ રાવલ ખેડબ્રહ્મા દ્વારા



ગુજરાત સરકારના પ્રવાસન મંત્રી દિલીપજી ઠાકોર સાહેબ, ગુજરાત રાજ્યસભાના સાંસદ રમીલાબેન બારા આજે ગઢડા શામળાજી ગ્રામ પંચાયત ની સરપ્રાઈઝ મુલાકાતે આવ્યા હતા.

પ્રથમ શામળીયા ભગવાનના દર્શન કરી ગ્રામ પંચાયતની મુલાકાત લીધી હતી. માનનીય મંત્રીશ્રી દિલીપજી ઠાકોર અને રાજ્યસભાના સાંસદ શ્રી રમીલાબેન બારા નું શાલ અને પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

ગઢડા શામળાજી યુવા સરપંચ શ્રી મહેન્દ્રસિંહ ચૌહાણ દ્વારા ગઢડા શામળાજી ગ્રામ પંચાયતને ગુજરાતની શ્રેષ્ઠ પંચાયત બનાવવાની નેમ સાથે મંત્રી શ્રી ને ધ્યાન દોર્યું હતું. ગામને હરિયાળું બનાવવા ગામની ફરતે પંચાયત ની આજુબાજુ દસ હજારથી વધુ વૃક્ષો વાવવાનો લક્ષ્યાંક નક્કી કરેલ છે. જે વૃક્ષારોપણ મંત્રીશ્રી દિલીપજી ઠાકોરે નિહાળ્યું હતું.

સરકારશ્રી તરફથી મળતા તમામ લાભો ગ્રામજનો સુધી પહોંચાડવા સરપંચશ્રી ગ્રામજનોને સમજાવી લોકોને લાભો અપાવે છે સાથે આજે ભારતની શ્રેષ્ઠ ગ્રામ પંચાયત અને સાબરકાંઠા નું ગૌરવ એવી દરામલી ગ્રામ પંચાયતના સરપંચ શ્રી હેતલબેન દેસાઈ અને અંકુરભાઈ દેસાઈએ પણ મુલાકાત કરી ગામના આગેવાનો અને સખી મંડળની બહેનો સાથે સ્વરોજગાર અને આત્મનિર્ભર થવા માટે બેઠક યોજવામાં આવી હતી.

રાજ્યસભાના સાંસદ એવા રમીલાબેન બારા એ ગઢડા ,ગુંદેલ અને ઊંચી ધનાલ ગામના તળાવ ભરવાના કામો યુદ્ધના ધોરણે સરકારશ્રીમાંથી મંજૂર કરાવી તળાવ ભરવાની ખાતરી આપી હતી. આ પ્રસંગે ભાજપના ખેડબ્રહ્મા તાલુકાના હોદ્દેદારો અને ગ્રામજનો માસ્ક પહેરીને સોશિયલ ડીસ્ટન્સ સાથે ખુબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સર ગઢડા શામળાજી સરપંચ શ્રી ઉપસ્થિત સર્વે મહાનુભાવો નો ગઢડા ગ્રામ પંચાયતની મુલાકાત લેવા બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

# મંગળવારે જિલ્લા વહીવટી દ્વારા ગૂગલ મીટ ઉપર ઓપન વેબિનાર યોજાશે

અભેસિંહ રાવલ દાહોદ

કલેક્ટર શ્રી વિજય ખરાડી તથા એસપી શ્રી હિતેશ જોયસર 'કોરોના સામે સ્વયં શિસ્ત' નાગરિકોને દિશાદર્શન આપશે બપોરે એકથી બે વાગ્યા સુધી યોજાનારા વેબિનારમાં જોડાયેલા નાગરિકો સાથે બન્ને વરિષ્ઠ અધિકારી સંવાદ સાધશે જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લા માહિતી કચેરીના સંયુક્ત ઉપક્રમે તા. ૧૧-૮-૨૦૨૦ મંગળવારે બપોરે એકથી બે વાગ્યા સુધી 'કોરોના સામે સ્વયંશિસ્ત' વિષયક ગૂગલ મીટ ઉપર એક વેબિનારનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં કલેક્ટર શ્રી વિજય ખરાડી અને જિલ્લા પોલીસ વડા શ્રી હિતેશ જોયસર નાગરિકોને વિશેષ માર્ગદર્શન કરવાના છે. આ વેબિનારમાં નાગરિકો જોડાઇ શકે છે. ગૂગલ મીટ ઉપર વેબિનારનો પાસવર્ડ rki-ouas-pia છે.

દાહોદમાં કોરોના વાયરસના કેસોમાં થઇ રહેલા ચિંતાજનક વધારાને ખાળવા માટે હવે નાગરિકોની ભૂમિકા પણ મહત્વની બની છે. હવે એવો સમય આવી ગયો છે કે કોરોના વાયરસ સામેની લડાઇમાં નાગરિકોની યોગદાન મહત્વનું બન્યું છે. ત્યારે, આ બાબતે બન્ને વરિષ્ઠ અધિકારીઓ નાગરિકોને આ બાબતે માર્ગદર્શન કરવાના છે. નગરપાલિકા અને જિલ્લા પંચાયતના પદાધિકારીઓ, પ્રબૃદ્ધ નાગરિકો, મીડિયાકર્મીઓ, સામાજિક, સેવાભાવી, સ્વૈચ્છિક સંસ્થાના કાર્યકરોને આ વેબિનારમાં જોડાવા આહ્વાન છે. બન્ને વરિષ્ઠ અધિકારીઓ સતત પૂછાતા પ્રશ્નોના ઉત્તર પણ આપશે.

વેબિનારમાં જોડાવા માટે જીમેઇલ દર્શાવાતા વિકલ્પ ઉપરથી સીધું જોડાઇ શકાય છે. ગૂગલ મીટની મોબાઇલ એપ્લિકેશન પ્લેસ્ટોર અને એપસ્ટોર ઉપર પણ ઉપલબ્ધ છે. જે ડાઉનલોડ કરી તેમાં મિટિંગ કોડ rki-ouas-pia નાખીને વેબિનારમાં જોડાઇ શકાશે. જીમેઇલ એકાઉન્ટ હોવું જરૂરી છે.

## અરવલ્લી જિલ્લાના

# દિવ્યાંગ વ્યક્તિઓના કલ્યાણ માટે પારિતોષિક મેળવવા માટે ૨૪ ઓગસ્ટ સુધી અરજી કરી શકાશે

મોડાસા,

અરવલ્લી જિલ્લાના વર્ષ -૨૦૨૦ માં આવતા કેટેગરીમાં રાષ્ટ્રીય અને રાજ્ય કક્ષાના દિવ્યાંગ પારિતોષિક મેળવવા માટે અરજીઓ મંગાવવામાં આવે છે. જેમાં શ્રેષ્ઠ કાર્યક્ષમ દિવ્યાંગ કર્મચારીઓ/ સ્વરોજગાર કરતી દિવ્યાંગ વ્યક્તિઓ, દિવ્યાંગોને નોકરી રાખનાર શ્રેષ્ઠ નોકરીદાતાઓ તથા દિવ્યાંગ વ્યક્તિઓને થાળે પાડવાની કામગીરી કરતા પ્લેસમેન્ટ ઓફિસર્સ "રાષ્ટ્રીય કક્ષા" તેમજ "રાજ્ય કક્ષા" ના પારિતોષિક માટેની અરજી નિયત નમુનમાં અલગ અલગ રજુ કરવાની રહેશે.

દિવ્યાંગ પારિતોષિક માટેની અરજીઓનો નમુનો ખાતાની વેબસાઇટwww.talimrojagar.gujarat.gov.in ઉપરથી અથવા જીલ્લા રોજગાર કચેરી, મોડાસા માંથી "વિના મુલ્યે" તા.૨૧/૦૮/૨૦૨૦સુધીમાં મળી શકશે. અરજી સાથે ઉમેદવારોએ શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો, છેલ્લા ત્રણ માસની અંદરનું દાક્તરી પ્રમાણપત્ર અને અન્ય સંબંધિત તમામ પ્રમાણપત્રો, ખોડ દર્શાવતા પોસ્ટકાર્ડ સાઈઝના ફોટા સહિત બિડાણમાં સામેલ રાખવા, નોકરીદાતા તેમજ પ્લેસમેન્ટ ઓફિસરે પણ ફોર્મમાં દર્શાવેલ કોલમ મુજબની પુરેપુરી વિગતો જણાવવી તેમજ તેને સંબંધિત બિડાણો અચુક સામેલ કરવાના રહેશે.

ભરેલા અરજી પત્રકો સાધનિક દસ્તાવેજો સહિત બે નકલમાં જીલ્લા રોજગાર વિનિમય કચેરી, મોડાસા ખાતે મોડામાં મોડા ૨૪/૦૮/૨૦૨૦ સુધીમાં રૂબરુ અથવા ટપાલ દ્વારા મળી જાય તે રીતે મોકલી આપવાની રહેશે.અધુરી વિગતવાળી/નિયત સમયમર્યાદા બાદની અરજી રોજગાર કચેરી ખાતે સ્વીકારવામાં આવશે નહી. વધુ માહિતી માટે જરૂર જણાય તો જીલ્લા રોજગાર કચેરી, મોડાસા નો સંપર્ક સાધવા જિલ્લા રોજગાર અધિકારીશ્રીની એક અખબારી દ્વારા જણાવ્યું છે.

## દાઉદી વ્હોરા સમાજના આમીલ

# શ્રી શેખ ઈદરીશભાઈ એડનવાલાની કોવીડ-૧૯ સામે તંત્રની સૂચનાઓનું પાલન કરવા અપીલ



અભેસિંહ રાવલ દાહોદ

દાહોદ, તા. ૧૦ : દાહોદ જિલ્લામાં કોરોના સંક્રમણના કેસોની સંખ્યામાં વધારો થયો છે ત્યારે દાઉદી વ્હોરા સમાજના આમીલ શ્રી શેખ ઈદરીશભાઇ એડનવાલાએ કોવીડ-૧૯ સામે સરકારને સહકાર આપી નિયમોનું પાલન કરવા અપીલ કરી છે. તેમણે જણાવ્યું છે કે, આપણા ધર્મગુરૂ જણાવે છે કે, આપણે જે દેશમાં રહીએ છીએ તેના કાયદાઓ-નિયમોને વફાદાર રહો અને તેનું પાલન કરવું જોઇએ. આપણા દાઉદી વ્હોરા સમાજના લોકો સરકારના કોવીડ-૧૯ના માર્ગદર્શક સૂચનાઓનું પાલન કરે. કોરોના સંક્રમણના સમયમાં સરકારને સહકાર આપવાથી જ આપણે આ મહામારીથી બચી શકીશું. માસ્ક પહેરવું, સામાજિક અંતર જાળવવું, સેનિટાઇઝરનો ઉપયોગ વગેરે ખૂબ જરૂરી છે. ખાસ કરીને તંત્ર દ્વારા જે વિસ્તારોને કન્ટેઈનમેન્ટ વિસ્તાર જાહેર કરવામાં આવ્યા છે તે વિસ્તારોમાં અવરજવર ન કરવી. કોરોના ના કોઇ પણ પ્રકારના લક્ષણો જણાય તો તુરત સરકારી દવાખાનાનો સંપર્ક કરવો.

# માણસા નગરપાલિકાના ગેરવહીવટનો વધુ એક નમૂનો

ગાંધીનગર જિલ્લાના માણસાના ભાજપ શાસિત નગરપાલિકાના ગેરવહીવટનો એક અન્ય કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

માણસા નગરની તમામ ગટરોનું ગંદુ પાણી લઈ જતી સુએઝ યોજનાની લાઈનમાં ગાબડું સર્જાવા પામ્યું છે. ગલથરા ગામ તરફ જતી આ ગટર યોજનાની લાઈન જ્યાંથી પસાર થઈ રહી છે એ ×બાર આંબા વિસ્તાર× ના તળાવના પાળામાં નગરપાલિકાના કોન્ટ્રાક્ટર-ઠેકેદારની ગંભીર ભૂલ અને ઘોર બેદરકારીને કારણે મસમોટું ગાબડું પડી ગયું હોવાથી આસપાસના અનેક ખેતરોમાં ગંદા પાણી ફરી વળ્યા છે. કિસાનોની ઉપજાઉ જમીન અને ઊભા પાકને અત્યંત મોટૂં નુકસાન થવા પામ્યું છે. આ અંગે સ્થાનિક ખેડૂત મિત્રોએ નગર સેવા સદનના સત્તાધિશો અને પાણી પુરવઠા વિભાગના અધિકારીઓ સમક્ષ મૌખિક અને લેખિત રજૂઆત-ફરિયાદ કરી હોવા છતાં કુંભકર્ણની નિંદ્રામાં પોઢી રહેલા સરકારી તંત્રના પેટનું પાણી પણ હાલતું નથી. લોકશાહીના ચોથા સ્તંભ ગણાતા પ્રેસ-મિડીયાના દ્વાર ખટખટાવવા ધરતીપુત્રો મજબૂર બન્યા છે. તેઓની લાગણી-માગણીને માન આપવાની અપેક્ષા સહ ઈમાનદારીપૂર્વકની રજૂઆત થશે એ ભરોસે આ ફરિયાદ જાહેર કરવા પ્રકાશભાઈ લાલાભાઈ પટેલ નમ્ર નિવેદન કરે છે.



ગુજરાત રાજ્ય વેરહાઉસીંગ કોર્પોરેશન ના માનનીય ચેરમેન શ્રી મગનલાલ માળી સાહેબ સાથે ૯ ઓગસ્ટ વિશ્વ આદિવાસી દિન નિમિત્તે લીમખેડા સર્કિટ હાઉસ શુભેચ્છા મુલાકાત.... દાહોદ જિલ્લાના ન્યાય સમિતિ ના ચેરમેન શ્રી મંગુભાઈ મુનિયા સાહેબ,અને લીમખેડા તાલુકાના પૂર્વ મહામંત્રી શ્રી દેવેન્દ્ર સીહ પરમાર ........
અભેસિંહ રાવલ દાહોદ

## દાહોદ બ્લાઈન્ડ વેલ્ફર ખાતે

# જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની અધ્યક્ષતામાં દિવ્યાંગ મહિલા કલ્યાણ દિવસ ઉજવવામાં આવ્યો




દાહોદ જિલ્લાના મુખ્યમથક દાહોદ બ્લાઈન્ડ વેલફર કાઉન્સિલ ખાતે સમાજ સુરક્ષા અધિકારી આર .પી. ખાંટા સાહેબની અધ્યક્ષતામાં દિવ્યાંગ મહિલા દિવસની ઉજવણી કરી દિવ્યાંગ મહિલાઓ તેમજ વધુ દિવ્યાંગ ધરાવતા દિવ્યાંગોની કીટનું વિતરણ કરવામાં આવ્યું આ કિટમાં મરચું-મીઠું લોટ દાળ સાબુ જેવી જીવનજરૂરી વસ્તુઓ આપવામાં આવી હતી તેમજ પ્રજ્ઞાચક્ષુઓને ડોનેટ લાકડીઓ નું વિતરણ કરવામાં આવ્યું હતું વધુમાં સમાજ સુરક્ષા અધિકારી આર. પી ખાંટાસાહેબે જણાવ્યું હતું કે દાહોદ જિલ્લામાં કોરોના સંક્રમણ ના કેસોની સંખ્યામાં ખૂબ વધારો થઈ રહ્યો છે ત્યારે આપણે સહુએ આ ભયંકર મહામારી થી બચવા માસ્ક પહેરવું સામાજિક અંતર જાળવવું સાબુથી હાથ ધોવા સેનેટાઈઝર નો ઉપયોગ કરવો કામ સિવાય બહાર નીકળવું નહી ગરમ પાણી પીવું હળદર શુંઠ મરી અજમો તુલસી નો ઉપયોગ કરવો મુખ્યમંત્રી રૂપાણી સાહેબ આવતીકાલથી માસ્ક ની દંડ નીકિંમતમાં ૫૦૦થી વધારો કરીને રૂપિયા ૧૦૦૦નો દંડ કરાયો છે તેમ જણાવ્યું હતું આ કાર્યક્રમમાં બાળ સુરક્ષા અધિકારી શાંતિલાલ કુરેશી સાહેબ કાપડિયા સાહેબ પટેલ સાહેબ પત્રકાર અભેસિંહ રાવલ ઉપસ્થિત રહ્યા હતા આ કાર્યક્રમ સંચાલન જયેશ સાહેબ કર્યું હતું.

## આઈ.ટી.આઈ ના રોજગારલક્ષી વિવિધ અભ્યાસક્રમોની માહિતી અંગે તેમજ

# આઈ.ટી.આઈ માં પ્રવેશ ઈચ્છુક ઉમેદવારો માટે માર્ગદર્શનલક્ષી વેબિનારનું આયોજન

મોડાસા,

સમગ્ર વિશ્વમાં ફેલાયેલા કોરોના વાયરસ મહામારીને ધ્યાનમાં રાખી સંક્રમણ અટકાવવાની તકેદારીના ભાગરૂપે જિલ્લા રોજગાર વિનિમય કચેરી મોડાસા દ્વારા ITI ના રોજગારલક્ષી વિવિધ અભ્યાસક્રમોની માહિતી તેમજ આઈ.ટી.આઈ પ્રવેશ ઈચ્છુક ઉમેદવારો માટે તારીખ:૧૧/૦૮/૨૦૨૦ ને મંગળવાર ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે માર્ગદર્શનલક્ષી વેબિનાર નું આયોજન કરવામાં આવેલ છે,આ વેબિનાર માં જોડાવવા માટે



Google Meet એપ્લીકેશનના માધ્યમથી પ્રસ્તુત લિંક https://meet.google.com/chr-yecm-nyi પર પાંચ મિનીટ પેહલા ક્લિક કરી ASK TO JOIN પર ક્લિક કરીને Meeting Code :chr-yecm-nyi ને નાખવાથી જીવંત પ્રસારણ માં જોડાઈ શકશો.જિલ્લા રોજગાર અધિકારીશ્રીની અખબાર યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# વંથલી તાલુકાના આખા ગામે જુગાર રમતા પાંચ ઝડપાયા

નાયબ પોલીસ મહાનીરીક્ષક સાહેબ મનીદર પ્રતાપ પવાર સાહેબ જુનાગઢ રેન્જ તથા પોલીસ અધિક્ષક રવિ તેજા વાસમ શેટ્ટી સાહેબના સીધા માર્ગદર્શન હેઠળ તેમજ નાયબ પોલીસ અધિક્ષક સાહેબ જે. બી. ગઢવી સાહેબની સુચના મુજબ જીલ્લા માં ચાલતી ગેરકાયદેસર પ્રોહી જુગારની બદી નેસ્ત નાબુદ કરવા કડક હાથેકામ લેવાની સુચના કરતા વંથલી પોલીસ સ્ટેશન ના નવનિયુક્ત પીએસઆઇ બી.કે.ચાવડા એ પોલીસ સ્ટેશન ના કર્મચારીઓને જરૂરી સૂચનાઓ આપતા વંથલી પોલીસ સ્ટેશન ના પો.હેડ.કોન્સ એસ.ડી. સોંદરવા અને પો.કોન્સ ભરતસિંહ સીસોદીયા ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે વંથલી તાલુકાના આખા ગામના સ્વામિનારાયણ મંદીરની બાજુમાં રહેતા વિક્રમ ઉકાભાઈ જીલડીયા પોતાના કબ્જા ભોગવટાના રહેણાંક મકાનમાં બહારથી માણસો બોલાવી ને ગંજીપતાના પાના વડે પૈસાની હારજીત કરી જુગાર રમી રમાડીપોતાના આર્થિક ફાયદા શારૂ નાલના પૈસા ઉધરાવી જુગાર નો આખાડો ચલાવે છે જેથી બાતમી વાળી જગ્યાએ રેઈડ કરતા જુગાર રમતા વિક્રમ ઉકાભાઈ જીલડીયા, દિનેશ મુળુભાઇ ડાંગર, નારણભાઇ રામભાઇ જલુ, રાજેશ બાવાભાઇ જલુ, જીતેન્દ્ર ખીમાભાઇ જલુ ને જુગાર રમતા ઝડપી પાડયા અને પકડાયેલ આરોપીઓ પાસેથી રોકડ રૂપિયા ૪૨,૪૩૦ તથા મોબાઈલ ફોન પાંચ કિ.રૂપિયા ૧૨,૫૦૦ મળી કુલ મુદ્દામાલ રૂપિયા ૫૪,૯૩૦ સાથે પકડી પાડી તેમની સામે ધોરણસરની કાર્યવાહી હાથધરી હતી આ કામગીરીમાં પીએસઆઇ બી.કે.ચાવડા ,શૈલેષભાઇ સોંદરવા, પૃથ્વીરાજસિંહ વાળા , ભરતસિંહ સીસોદીયા, સોમાતસિંહ સીસોદીયા, જનકસિંહ સીસોદીયા, વિજયભાઈ બાબરીયા, નરેશભાઈ શીગરખીયા , બાલુભાઈ બાલસ એ રીતના પોલીસ સ્ટાફે સાથે રહીને આ કામગીરી કરી હતી

અહેવાલ -જીજ્ઞેશ પટેલ માણાવદર

## મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા આજરોજ રાજ્યના તમામ ખેડૂતોને આવરી લેતી

# 'મુખ્યમંત્રી કિસાન સહાય યોજના'ની કરાયેલ જાહેરાતને આવકારતા ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ

**મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે જ્યારે આવશ્યકતા ઉભી થઈ છે, ત્યારે રાજ્યના ખેડૂતોની વ્હારે આવી આવશ્યક વિવિધ ખેડૂત હિતકારી નિર્ણય લીધા છે.-શ્રી સી.આર.પાટીલ**

પ્રદેશ ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા આજરોજ રાજયના તમામ ખેડૂતોને આવરી લેતી 'મુખ્યમંત્રી કિસાન સહાય યોજના'ની કરાયેલ જાહેરાતને ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલે આવકારતા જણાવ્યું હતું કે, ચાલુ વર્ષે અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ અને કમોસમી વરસાદની પરિસ્થિતિમાં રાજ્યના ખેડૂતોને ખરીફ પાકમાં થયેલ નુકસાન માટે કોઈપણ જાતનું પ્રિમીયમ ભર્યા સિવાય આર્થિક સહાય આપવાનો રાજયની ભાજપ સરકારનો વધુ એક ખેડૂતલક્ષી નિર્ણય કુદરતી આફતના સમયમાં રાજયના ખેડૂતો માટે આશીર્વાદરૂપ બની રહેશે.

શ્રી સી.આર.પાટીલે જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે જ્યારે આવશ્યકતા ઉભી થઈ છે, ત્યારે રાજ્યના ખેડૂતોની વ્હારે આવી આવશ્યક વિવિધ ખેડૂત હિતકારી નિર્ણય લીધા છે,ત્યારે આજે રાજ્યના તમામ ખેડૂતોને ચાલુ વર્ષે કુદરતી આફતને કારણે ખરીફ પાકમાં થયેલ નુકશાનમાં સહાય કરવા ચાર હેક્ટર જમીન માટે પાત્રતાને આધારે ૩૩% થી ૬૦% નુકસાન માટે હેક્ટર દીઠ રૂ.૨૦,૦૦૦ અને ૬૦%થી વધુ નુકસાન માટે હેક્ટર દીઠ રૂ.૨૫,૦૦૦ સુધીની આર્થિક સહાય લાભાર્થી ખેડૂતને ડીબિટીના માધ્યમથી સીધી બેંક ખાતામાં જમાં કરાવવાની યોજના રાજ્ય સરકાર લઈને આવી છે. શ્રી સી.આર.પાટીલે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી ઈ-ગવર્નન્સના માધ્યમથી સમગ્ર દેશમાં નાગરિકોને મળતી સહાયો સંપૂર્ણ પારદર્શિતા સાથે સીધી લાભાર્થીને પહોંચે તે પ્રમાણેનું આયોજન કરી રહ્યા છે, ડિબિટી દ્વારા આજે દેશભરના ખેડૂતોને તેમને મળવા પાત્ર સહાય સીધી તેમના બેંક ખાતામાં મળી રહી છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.